
કહાન સં. ૧૭ સં. ૨૦૫૩ [૬૪૦] * આત્મધર્મ * [અંક-૮ વર્ષ-૫૩] વીર સં. ૨૫૨૩ ફેબ્રુઆરી-૧૯૯૭



હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં મારું અંતઃકરણ એવા ઉત્કૃષ્ટ આનંદથી પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્તિ પ્રાપ્ત થયેલ જ સમજું છું.

—શ્રી પદ્મનંદિઆચાર્ય

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢમાં
વિંછીયા તથા બોટાદના ડગલી-પરિવાર દ્વારા આયોજિત

# સમ્યક્ત્વતીર્થ પૂજ્ય બેનશ્રી ચંપાબેનનો ૬૫મો

## * સમ્યક્ત્વજયન્તી-મહોત્સવ *

આપણા પરમતારણહાર, સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સદુપદેશથી ઉપકૃત એવા સમ્યક્ત્વતીર્થ સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રી ચંપાબેનનો કે જેમણે ૧૯ વર્ષની નાની ઉંમરમાં શુદ્ધાત્માભિમુખ પ્રબળ પુરુષાર્થથી વિ. સં. ૧૯૮૯ ફાગણ વદ દશમના દિવસે શુદ્ધાત્માનુભૂતિ મુદ્રિત નિર્મળ સમ્યક્ત્વદર્શન પ્રાપ્ત કર્યું હતું તથા આત્મવિશુદ્ધિથી ક્રમશઃ મતિજ્ઞાનની શાતિશય નિર્મળતા હોવાને લીધે જેને ધર્મ સમ્બન્ધી સમ્યક્ સ્પષ્ટ જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું હતું તથા તે પવિત્ર ''જ્ઞાનવૈભવ'' દ્વારા જેમણે પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ભગવત્ સીમંધરમુખોદ્ગત 'ધાતકી-વિદેહ- ભાવિ-તીર્થંકરદ્રવ્ય'ત્વ સુપ્રસિદ્ધ કર્યું છે તથા જેમની 'બહેનશ્રીનાં વચનામૃત' તથા 'બહેનશ્રીની સાધના અને વાણી' રૂપ અમૃત-ગંગાએ જિનેન્દ્રદેવ, આચાર્યદેવ તથા કહાનગુરુના અધ્યાત્મ હાર્દને પ્રકાશિત કરીને મુમુક્ષુ હૃદયને શીતળ કર્યું છે એવા સદ્ધર્મવૃદ્ધિકર વિશિષ્ટ ઉપકારી મહાત્માનો ૬૫મો મંગળકારી સમ્યક્ત્વજયન્તી મહોત્સવ સુવર્ણપુરીમાં વિંછીયા તથા બોટાદના 'ડગલી' પરિવાર તરફથી અતિ આનન્દોલ્લાસપૂર્વક વિ. સં. ૨૦૫૩, ફાગણ વદ ૫, શનિવાર તા. ૨૯-૩-૯૭ થી ફાગણ વદ ૧૦ (સમ્યક્ત્વ-દિન), બુધવાર, તા. ૨-૪-૯૭ 'પંચાહ્નિક-સમ્યક્ત્વસમારોહ'ના રૂપમાં ઉજવાશે.

આપણા ગહન આદર્શ આત્માર્થી કુન્દકુન્દ-સરસ્વતીનંદન આદરણીય પંડિતરત્નશ્રી હિમ્મતલાલભાઈ જેઠાલાલ શાહની આશિષવર્ષિણી આનન્દોત્સાહવર્ધિની તથા જ્ઞાનવૈરાગ્ય ભક્તિભીની સમુપસ્થિતિમાં સુસમ્પન્ન થનાર એવા મંગળ મહોત્સવનો અમૂલ્ય લાભ લેવા આપ સૌ અવશ્ય પધારો એવું ધર્મવાત્સલ્યભીનું આગ્રહયુક્ત આમંત્રણ છે.

Songadh is a thing of beauty and joy for ever.—અધ્યાત્મ-સૌંદર્યથી ભરપૂર હંમેશા આનન્દદાયી એવા સુવર્ણપુરી-તીર્થધામમાં સમ્પન્ન થનારા આ મંગળ મહોત્સવમાં પધારવા આપ સર્વને વિશાળ જિનાયતનોમાં બિરાજમાન વીતરાગ ભાવવાહી ભવ્ય જિનબિંબોના દર્શન-પૂજન-ભક્તિના ચૌંસઠઋદ્ધિમંડળ વિધાનપૂજાનો, પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ ટેપ-પ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા તથા વિડિયો-તીર્થયાત્રા દ્વારા ગુરુદર્શનનો અનુપમ લાભ મળવા ઉપરાંત વિદ્વાનોના શાસ્ત્ર પ્રવચનો તેમ જ પ્રાસંગિક સાંસ્કૃતિક કાર્યક્રમ આદિનો વિશેષ લાભ પ્રાપ્ત થશે.

સ્વ. વાલજીભાઈ ભૂરાભાઈ ડગલી–પરિવાર
સ્વ. વીરચન્દભાઈ ભૂરાભાઈ ડગલી–પરિવાર
સ્વ. કેશવલાલભાઈ છગનલાલ ડગલી–પરિવાર
સ્વ. પાનાચંદભાઈ છગનલાલ ડગલી–પરિવાર

કહાન સંવત-૧૭
વર્ષ-૫૩
અંક-૮
[ ૬૪૦ ]

વીર સંવત ૨૫૨૩
સં. ૨૦૫૩
FEB.
A. D. 1997




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# વર્તમાનમાં જ આત્મા પરમેશ્વર-સ્વરૂપ છે

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૭૨ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની આ ૧૧૨ ગાથા થઈ ગઈ. હવે ગાથા ૧૧૩ લેવાની છે.

'પરલોક'ની વ્યાખ્યા કરી અને તેનાથી ભિન્ન ચીજોની મમતા છોડવાનું કહ્યું. તેથી શિષ્ય ગુરુને પૂછે છે કે પરદ્રવ્ય કોને કહેવા ? કોની મમતા છોડવી ? તેનું સમાધાન ગુરુ કરે છે.

जं णियदव्वहँ भिण्णु जडु तं पर–दव्वु वियाणि ।
पुग्गलु धम्माधम्मु णहु कालु वि पंचमु जाणि ॥११३॥

અર્થ:—આત્માથી જુદા જે કોઈ દ્રવ્યો છે તેને પરદ્રવ્ય જાણો. પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ પાંચ દ્રવ્યો જીવદ્રવ્યથી ભિન્ન છે માટે પરદ્રવ્ય છે.

પાઠમાં આટલું કહીને ટીકામાં તેનો ખુલાસો કરે છે આ જગતમાં તીર્થંકર કેવળજ્ઞાની પ્રભુએ છ પ્રકારના દ્રવ્યો જોયા છે. તેમાંથી પાંચ દ્રવ્ય તો જડ-અચેતન છે. એક જીવદ્રવ્ય જ ચેતનસ્વભાવી છે તેમાં પણ પોતાના આત્મા સિવાય બીજાં બધાં આત્માઓ ભિન્ન છે–પરદ્રવ્ય છે.

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યસ્વરૂપ અનંતચતુષ્ટયયુક્ત હું જીવદ્રવ્ય છું, બીજા અનંત આત્માઓ છે તે મારા નિજદ્રવ્યથી ભિન્ન છે. હું મારા

અનંત ચતુષ્ટયસ્વરૂપ છું. હું કર્મસ્વરૂપ કે દેહસ્વરૂપ તો નથી પણ હું રાગસ્વરૂપ પણ નથી, હું તો જ્ઞાનસ્વરૂપ છું. અલ્પ પર્યાય જેવડો પણ હું નથી. ભગવાન સર્વજ્ઞદેવે મારા આત્માને બેહદ-અનંત જ્ઞાન, બેહદ અનંત દર્શન આદિ બેહદ સ્વભાવમય જોયો છે અને કહ્યો છે એવો હું આત્મા છું. ગુણો તો અનંત છે પણ તેમાં આ અનંત ચતુષ્ટય મુખ્ય છે.

અહો! આત્મા અનંત અનંત જ્ઞાનથી ભરેલો પદાર્થ છે, અનંત અનંત દર્શનશક્તિથી ભરેલો છે, અનંત અનંત અતીન્દ્રિય આનંદથી ભરેલો પદાર્થ છે અને અનંત અનંત આત્મવીર્યથી ભરેલું તત્ત્વ છે. એમ ભગવાને જોયું છે અને કહ્યું છે કે આત્મા અત્યારે જ આવી શક્તિથી ભરેલો છે તેને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા જાણવો તેનું નામ 'ધર્મ' કહેવાય છે. આ સમયે હો!—આ જ સમયે આત્મા અનંત અનંત બેહદ શક્તિથી અંદરમાં ભરેલો છે. પર્યાયમાં અલ્પજ્ઞતા છે તે કાંઈ મૂળ દ્રવ્ય નથી. વર્તમાનમાં આત્મા અનંત અનંત શક્તિથી ભરેલો છે એટલે કે શક્તિમય છે.

શ્રોતા :—વર્તમાનમાં આટલી અનંત શક્તિ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા. વર્તમાનમાં તો શું! ત્રિકાળ એવો છે. આત્મા ત્રણેકાળ અનંત શક્તિથી શોભાયમાન છે. (તેમાં વર્તમાન તો આવી જ ગયો) પણ અજ્ઞાનીને તેનું ભાન નથી. તેથી પુણ્ય-પાપ ભાવ તે જ હું અથવા શરીર અને કર્મ મારા છે અથવા એક સમયની પર્યાય જેવડો જ હું છું એવી મિથ્યાબુદ્ધિને સેવતો અજ્ઞાની રખડી રહ્યો છે, તેને ભગવાન 'મિથ્યાદ્રષ્ટિ' કહે છે.

જ્યાં પુણ્ય-પાપ ભાવ પણ આસ્રવતત્ત્વ છે, આત્મતત્ત્વ નથી, શરીર અને કર્મ જડતત્ત્વ છે, આત્મતત્ત્વ નથી. તો દીકરા ને ધનાદિ તો આત્માના કયાંથી હોય! તે તો પ્રત્યક્ષ ભિન્ન વસ્તુ છે. એક સમયની પોતાની પર્યાય પણ વ્યવહાર આત્મા છે. નિશ્ચય-આત્મા તો અનંત જ્ઞાનાદિથી ભરેલો છે.

સર્વજ્ઞ પરમાત્માને અનંતજ્ઞાન, અનંત દર્શનાદિ પ્રગટ થાય છે તે કયાંથી આવે છે? અંદર આત્મામાં ભરેલાં છે તેમાંથી પ્રગટ થાય છે, કયાંય બહારથી આવતાં નથી. પણ અરે! જૈનના વાડામાં જન્મ્યા હોય તેને પણ આ વાતની ખબર નથી અને ધર્મ કરવો છે. જેમ લીંડીપીપરમાં લીલો રંગ અને ચોંસઠપોરી તીખાશની શક્તિ છે તે કયારે!—અત્યારે જ તેમાં ભરેલી છે તો ઘસવાથી બહાર આવે છે. ન હોય તો આવે કયાંથી? શું પથ્થરમાંથી તીખાશ પ્રગટ થાય છે! પથ્થરમાંથી તીખાશ પ્રગટ થતી હોય તો તો કોલસો કે કાંકરો ઘૂંટવાથી પણ તીખાશ પ્રગટ થવી જોઈએ. પણ એમ નથી ભાઈ! જેમાં ૬૪ પોરી એટલે પૂરેપૂરી તીખાશ ભરેલી છે તેને જ લીંડીપીપર

કહેવાય છે, તેમાંથી જ તીખાશ પ્રગટ થાય છે. પીપર ઉપર જે કાળો ભાગ હોય છે તે તીખાશનું સ્વરૂપ નથી અને અલ્પ તીખાશ છે તે પણ તેનું મૂળ સ્વરૂપ નથી. તેમ આત્મામાં પુણ્ય-પાપના ભાવ દેખાય છે તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. એ તો આસ્રવ-તત્ત્વ છે અને અલ્પજ્ઞાન-દર્શન પ્રગટ દેખાય છે એવડો જ આત્મા નથી. આત્મા તો પૂરેપૂરા જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણોથી અત્યારે જ ભરેલો છે.

માટે, શરીર, કર્મ, પુણ્ય-પાપ, રાગ અને એક સમયમાં પ્રગટ એવી અલ્પ જ્ઞાનાદિ પર્યાયનું પણ લક્ષ છોડીને અંતરમાં દૃષ્ટિ કર તો અત્યારે જ આત્મા અનંત અનંત જ્ઞાનાદિ બેહદ શક્તિઓથી પૂર્ણ છે તે તને જણાશે.

અજ્ઞાનીને લીંડીપીપરની શક્તિની તો ખબર પડે છે પણ પોતાની શક્તિની વાત આવે ત્યાં કહે, એ આપણને ખબર ન પડે. જેમ, લીંડીપીપર અત્યારે—વર્તમાનમાં શક્તિરૂપે, ભાવરૂપે, સત્ત્વરૂપે સોળઆની તીખાશથી પૂર્ણ છે તેમ આ આત્મા વર્તમાનમાં શક્તિરૂપે ભાવરૂપે સત્ત્વરૂપે બેહદ જ્ઞાન, દર્શન, વીર્યાદિથી ભરેલો ભગવાન છે એમ ભગવાન સર્વજ્ઞદેવ જોયું છે અને વાણીમાં કહ્યું છે માટે આચાર્યદેવ કહે છે, આવા શક્તિવાન આત્મા તરફ તારા જ્ઞાનને દોર—લઈ જા. આ જ હું છું એમ નિશ્ચય કર! આવા આત્માને જાણતાં તને આનંદ અને શાંતિ આવશે. એ સિવાય આનંદ અને શાંતિ કયાંયથી મળશે નહિ.

ટીકામાં વિશેષ સ્પષ્ટ કરતાં કહે છે કે ભાવકર્મ જે રાગ-પુણ્ય-પાપભાવ છે તે તો વિકાર છે. દયા, દાન, વ્રત, ભક્તિનો અંદરમાં જે વિકલ્પ ઊઠે છે તે શુભભાવ છે અને હિંસા, જૂઠું, ચોરી, અવ્રત, અબ્રહ્માદિનો રાગ ઊઠે છે તે અશુભભાવ છે, તે બંને વિકારીભાવ છે, તેનાથી ભગવાન આત્મા અંદરમાં જુદો છે. જેમ, ઉપર દેખાતી કાળાશથી લીંડીપીપરનો અંદરનો લીલોભાગ જુદો છે તેમ, ભાવકર્મરૂપ રાગાદિ વિકારીભાવોથી શુદ્ધાત્મા જુદો છે. આત્માનું સ્વરૂપ અલ્પજ્ઞપર્યાય જેટલું પણ નથી તો રાગ તો તેમાં કેમ હોય! જીવના અસ્તિત્વમાં અલ્પજ્ઞતા તો તેની પર્યાયમાં છે પણ રાગ તો જીવની વસ્તુ જ નથી એમ અહીં કહેવું છે અને આઠ કર્મ જે જીવની સાથે બંધાયેલાં છે તે તો જીવથી ભિન્ન જડવસ્તુ છે. અજ્ઞાનીને જે પોતાના સ્વરૂપે ભાસી રહ્યું છે એવું આ શરીર પણ આત્માથી તદ્દન ભિન્ન છે. વાણી અને મન પણ આત્માથી જુદાં છે.

જોકે શરીર, કર્મ, રાગાદિનો સંબંધ જીવની સાથે એક સમયની પર્યાયમાં અનાદિથી ચાલ્યો આવે છે છતાં તે જીવથી ભિન્ન વસ્તુ છે. રાગાદિ ભાવકર્મ છે તે કોઈ સ્વતંત્ર વસ્તુ નથી પણ મળ છે, મેલ છે, જીવનું સ્વરૂપ નથી માટે જીવથી ભિન્ન

છે. લોગસ્સમાં આવે છે ને! હે ભગવાન! આપે રજ-મલને ટાળ્યા છે. રજ એટલે આઠકર્મ અને મળ એટલે રાગ-દ્વેષાદિ ભાવ તેને ભગવાને ટાળ્યાં છે.

જે તારા હોય તે તારાથી જુદાં પડે નહિ અને જુદાં પડે તે તારા હોય નહિ માટે હે જીવ! તું શરીર, વાણી, કર્મ અને ભાવકર્મને તારા ન માન, હેય જાણ! બેહદ જ્ઞાન-દર્શન, આનંદ સ્વભાવને જાણ અને તેમાં દૃષ્ટિ સ્થાપ તો તને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે—ધર્મ થશે. બાકી ધર્મનો બીજો કોઈ ઉપાય નથી.

જ્ઞાનપ્રકાશનો અંશ તો પ્રગટ જણાય છે ને! એ તારું જ જ્ઞાન છે પણ તું એવડો જ નથી, તું જ્ઞાનનો આખો પૂંજ છો. આત્મા અરૂપી પણ મહાન પદાર્થ છે. જેમ બરફ શીતળતાથી ભરેલી શીલા છે તેમ આત્મા અરૂપી જ્ઞાનાનંદની શીલા છે. જ્ઞાનનો પ્રગટ અંશ દેખાય છે એટલો જ આત્માને ન માન, એક અંશ છે તે જ આખો અંશી નથી.

અનંત ચતુષ્ટયમય પૂર્ણ સ્વરૂપ જ ઉપાદેય છે. ઉત્પાદવ્યય પણ ઉપાદેય નથી. પર્યાય દ્રવ્યને ઉપાદેય કરે છે પણ પર્યાય પોતે ઉપાદેય નથી. આદરણીય તો એક ત્રિકાળ ધ્રુવ નિજજ્ઞાયકદેવ જ છે. તેની શ્રદ્ધા, જ્ઞાન કરીને તેમાં ઠરવું એ જ એક મોક્ષમાર્ગ છે. એ જ પરમાત્મા થવાનો માર્ગ છે.

૧૧૩ ગાથા પૂરી થઈ. હવે ૧૧૪ ગાથામાં યોગીન્દ્રદેવ વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિનુ સામર્થ્ય બતાવે છે.

અંતરમાં આનંદ અને શાંતિ આપનારી સમાધિની આ વાત છે. બાવા લોકો સમાધિ ચડાવે છે એવી સમાધિની વાત નથી. અહીં તો એક અંતર્મુહૂર્તમાં કર્મમળને ભસ્મ કરી નાંખે એવી વીતરાગ-નિર્વિકલ્પ સમાધિરૂપ અગ્નિનું સામર્થ્ય બતાવે છે. આ વીતરાગે કહેલી, દરેક જીવના નિજઘરની વાત છે પણ તેણે કદી સાંભળી નથી. જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન પ્રગટ થયું છે એવા પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથની વાણીમાં એમ આવ્યું છે કે તારો આત્મા અનંત અનંત જ્ઞાન-દર્શનથી ભરેલો છે તેમાં એકાગ્રતારૂપ અગ્નિ પ્રગટ કર તો પુણ્ય-પાપના વિકલ્પના અભાવરૂપ પવન લાગતાં કર્મો બળીને ભસ્મ થઈ જશે. અસ્તિમાં એકાગ્રતારૂપી અગ્નિ અને નાસ્તિમાં વિકલ્પના અભાવરૂપી પવન એ બે થઈને સમાધિ કહેવાય છે.

जइ णिविसद्धु वि कु वि करइ परमप्पइ अणुराउ ।
अग्नि-कणी जिम कट्ठ-गिरी डहइ असेसु वि पाउ ॥११४॥

અર્થ:—જો અર્ધનિમેષ માત્ર પણ કોઈ પરમાત્મામાં પ્રીતિ કરે તો જેમ અગ્નિની કણી લાકડાના પહાડને ભસ્મ કરી નાંખે તેમ બધાં પાપોને ભસ્મ કરી નાંખે.

એક આંખના પલકારાથી અડધા સમયમાત્ર પણ જો જીવને અનંતગુણના ધણી એવા પરમાત્મસ્વરૂપમાં પ્રીતિ થાય અર્થાત્ એકાગ્રતા કરે તો કર્મની ભસ્મ થઈ જાય. આગળ કહી ગયા છે કે અનંત ચતુષ્ટય એ જીવનું પરમસ્વરૂપ છે તેમાં એક અર્ધી ક્ષણ પણ જો એકાગ્રતા કરે તો જેમ અગ્નિની કણી લાકડાના મોટા ડુંગરને બાળીને રાખ કરી નાંખે છે તેમ એકાગ્રતારૂપ સમાધિ જીવને લાગેલા સર્વ પાપને બાળીને ભસ્મ કરી નાંખે.

ઘાસની મોટી ગંજી ભરી હોય તેને એક દિવાસળી લગાડો તો ભસ્મ થઈ જાય તેમ પરમાત્મા કહે છે કે તું તારા આત્મામાં એકાગ્રતા કર તો કર્મના ઇંધન બળીને ભસ્મ થઈ જશે. કર્મને નાશ કરવાનો આ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. અહીં 'પાપ'ને ભસ્મ કરી નાંખે એમ કહ્યું છે તેમાં પુણ્ય અને પાપ બંને સમજવા. કારણ કે પુણ્ય પણ પાપ જ છે. અંતરસમાધિ વડે પુણ્ય-પાપ કર્મોનો નાશ થઈ જાય છે.

પ્રથમ તો આઠકર્મ અને રાગાદિભાવો એ કોઈ મારા નથી એવી દૃષ્ટિ વડે તેનાથી જુદો પડી જાય છે અને સ્વભાવમાં દૃષ્ટિપૂર્વક તેમાં વિશેષ સ્થિરતા થતાં દ્રવ્યકર્મ અને ભાવકર્મનો સર્વથા અભાવ થઈ જાય છે. શુભકર્મ અને શુભભાવ પણ બાળવાયોગ્ય જ છે. શુભ પણ વિભાવ છે માટે મારા નથી. એટલું જ નહિ, એક સમયના પર્યાય જેવડું પણ મારું સ્વરૂપ નથી, હું તો પરમસ્વરૂપ છું એમ પ્રથમ દૃષ્ટિ કર અને પછી તેમાં જ એકાગ્રતા કર!

આત્મવસ્તુ પરમસ્વરૂપે છે. અલ્પજ્ઞપર્યાય તો અપરમસ્વરૂપ છે અને શુભાશુભભાવ તો પરસ્વરૂપ છે.

ભાવાર્થ:—ઋદ્ધિનો ગર્વ, રસાયણનો ગર્વ, નવરસ જાણવાનો ગર્વ, કવિકળાનો મદ, વાદમાં જીતવાનો મદ, શાસ્ત્રની ટીકા બનાવવાનો મદ, શાસ્ત્રના વ્યાખ્યાન કરવાનો મદ આ ચાર પ્રકારના શબ્દ-ગૌરવ-સ્વરૂપ અનેક વિકલ્પ-જાળોના ત્યાગરૂપ પ્રચંડ પવનથી પ્રજ્વલિત થયેલી અગ્નિનિજ શુદ્ધાત્મતત્ત્વના ધ્યાનરૂપ અગ્નિ આ સમસ્ત પાપોને બાળીને ભસ્મ કરી નાંખે છે. અર્થાત્ જન્મ જન્મમાં લાગેલાં પાપોને અર્ધ-નિમેષમાત્રમાં નષ્ટ કરી નાંખે છે. આવું ધ્યાનનું સામર્થ્ય જાણીને એવા ધ્યાનની જ સદા ભાવના કરવાયોગ્ય છે.

બહુ પૈસા હોય, સુંદર સ્ત્રી, પુત્ર, પરિવાર હોય, મકાન હોય એ બધીય ઋદ્ધિ ગણાય છે. તેથી એવી ઋદ્ધિવાળાને તેનું અભિમાન થઈ જાય છે પણ એ તો ધૂળ છે. તારી ચીજ નથી તો તેના અભિમાન શા? એ માટીના ઢગલા સાથે તારે ખરેખર કાંઈ

સંબંધ નથી. માટે એના અભિમાન છોડયા વિના આત્માની દૃષ્ટિ થઈ શકતી નથી. બહારમાં હામ, દામ, ઠામ ને ઠામ છે એ કોઈ તારા નથી. તારામાં અનંત વીર્ય છે એ તારું 'હામ' છે, અનંત ગુણરૂપ લક્ષ્મી એ તારું 'દામ' છે. અસંખ્ય પ્રદેશી નિજક્ષેત્ર એ તારું 'ઠામ' છે. માટે હવે તારે જો આત્મજ્ઞાન જોઈતું હોય તો બહારના હામ-દામના અભિમાન છોડી દે અને અંતરમાં આવી જા. અમે બહુ આબરૂવાળા છીએ એવા ગર્વ છોડી દે.

પૈસા વધવાથી આત્મા વધી જતો નથી અને પૈસા ઘટવાથી આત્મા કાંઈ ઘટી જતો નથી. જડના ઢગલાથી આત્મા મોટો—એ વાત લાવ્યો કયાંથી! આત્મા અનંત ગુણની સંપત્તિથી મોટો છે કે જડના ઢગલાથી? અનંતગુણથી આત્મા મોટો છે તેને બદલે ધનાદિથી પોતાની મોટાઈ માને છે તેને આત્માની દૃષ્ટિ થતી નથી.

વીતરાગ પરમેશ્વર કહે છે આત્માનું સ્વરૂપ તો અનંત ચતુષ્ટયમય છે એવો આત્માને માનવો હોય તો માન. જેવો છે તેવો નહિ માનતાં સંયોગવાળો માને છે તેનાથી તો જીવ અનાદિકાળથી રખડી રહ્યો છે તેમ રખડશે. રખડતાં તો એને આવડે છે. અહીં તો રખડવાનું મટી જાય અને અનંત આનંદમાં રહેવાય એવો રસ્તો બતાવાય છે. ચાર ગતિમાં દેવ થાય કે રાજા થાય એ પણ બધા દુ:ખી જ છે. ભોગના અર્થીઓ ભિખારી જ છે, ભલે તે રાજા હો કે દેવ હો.

અનંતકાળમાં જીવે બીજું તો બધું જોયું અને જાણ્યું છે પણ એક આત્માને જોયો, અને અનુભવ્યો નથી. તેથી ભગવાન તેને કહે છે કે તારા અંતરમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ અને અનંત વીર્યથી ભરેલું આખું તત્ત્વ છે તેને તારે જોવું હોય તો બાહ્ય ઋદ્ધિ આદિનો ગર્વ છોડી દે. અમે પાંચ-પચીશ કરોડના સ્વામી છીએ, અમારાં શરીર રૂપાળા છે, અમારા સ્ત્રી-પુત્ર-મકાનાદિ બહુ સુંદર છે એવા મિથ્યા અભિમાન છોડવા પડશે કારણ કે એ તો બધું ધૂળ-માટી-પુદ્ગલ છે અને તું તો જીવતત્ત્વ છો.

ત્રિલોકીનાથ પરમાત્મા કહે છે કે જેને આત્માની ઋદ્ધિનો ભાગ જોઈતો હોય એટલે કે આત્માના પરમાત્મસ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન જેને કરવા હોય—પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શનરૂપ ધર્મ પ્રગટ કરવો હોય તેણે શું કરવું?—કે સંયોગમાં આવેલી બધી બાહ્ય ચીજોનું અભિમાન પહેલાં જ છોડી દેવું. શુભ-અશુભરાગ પણ જીવનું સ્વરૂપ નથી અને અલ્પ અંશે પર્યાયમાં વિકાસ દેખાય છે એટલો પણ તું નથી તો સંયોગી ચીજને મારી માનીને અભિમાન કરવાનું તો કયાં રહ્યું! તું તો અનંતજ્ઞાન આનંદનો ધણી છો.

આગળ પીપરનો દાખલો આપ્યો તે મુજબ અંદરમાં રહેલી પૂરી તીખાશ અને લીલો રંગ જ પીપરનું સ્વરૂપ છે તેમ શરીર, વાણી, મન, કર્મ, રાગ અને વિકલ્પથી પાર અંદરમાં રહેલો ગુણોનો પૂરો વૈભવ એ જીવનું અસલી સ્વરૂપ છે. વીતરાગદેવ કહે છે કે અનંત ચતુષ્ટયરૂપ પરમસ્વરૂપે રહેલો તું પરમાત્મા છો. તેની દૃષ્ટિ તારે કરવી હોય તો પહેલાં જ આ ઋદ્ધિનો ગર્વ છોડી દે. બધાંને મારા...મારા માનવા છોડી દે. જે તારા હોય તે તારાથી જુદાં ન હોય. જે જુદા છે તે તારા કેમ હોય!

કોઈને ધાતુઓને ભસ્મ કરવાની રસાયણવિદ્યા આવડતી હોય તો તેનો ગર્વ હોય, કોઈને પોતે નવરસને જાણતો હોય તેનું અભિમાન હોય કે મને તો શ્રુંગારરસ બહુ સરસ આવડે, મને અદ્દભુતરસ આવડે એવા અભિમાન બધા છોડવા પડશે કારણ કે આવા મદ છોડયા વિના નિર્માની ભગવાન આત્માના દર્શન થઈ શકતા નથી.

કવિ, કળાનો મદ પણ છોડી દે! આત્મામાં એવી કળા ન હોય. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ભગવાને તારી ચીજને અનંત બેહદ જ્ઞાન અને આનંદવાળો જોઈ છે. એવી વસ્તુને જોવી હોય તો બહારના બધા અભિમાન છોડવા પડશે. એ વગર ભગવાન આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ થઈ શકશે નહિ.

ઋદ્ધિ આદિના મદ છોડાવીને હવે કહે છે વાદવિવાદમાં જીતી જાય એવા શાસ્ત્રજ્ઞાનનો મદ પણ છોડવો પડશે. કારખાના ચલાવવાની હોંશિયારી હોય છે તેના મદ તો છોડાવ્યા પણ વાત-વાતમાં પોતાની અધિકાઈ રાખવાનો મદ હોય છે, બોલ-ચાલમાં બીજાં કરતાં હું કાંઈક અધિક છું એવું દેખાડવાનો ભાવ હોય છે એવા મદમાં જીવ મરી જાય છે તેને કહે છે કે હવે એ બધું મૂકી દે, અંદરમાં અનંત જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી આત્મા ભરેલો છે તેમાંથી જ કેવળજ્ઞાન અને કેવળદર્શન આદિ પ્રગટ થવાના છે. બહારની કળા-ચાતુરીથી કાંઈ મળવાનું નથી માટે અજ્ઞાનને કારણે માની લીધેલી બધી મોટાઈના અભિમાન છોડવા પડશે. વાદવિવાદમાં જીતવાનો મદ રહેશે ત્યાં સુધી ભગવાન આત્મા શ્રદ્ધા-જ્ઞાનમાં નહિ આવે.

શાસ્ત્રની ટીકા બનાવવાનો પણ અજ્ઞાનીને મદ થાય છે. મને શાસ્ત્ર લખતાં આવડે છે એમ અભિમાન કરે છે પણ પ્રભુ! એ તો પરલક્ષી ઉઘાડ છે અને સાથે વિકલ્પ છે તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. સંસારની કળાના અભિમાન તો છોડ પણ શાસ્ત્રની કળાના અભિમાન પણ છોડ તો આત્મા હાથમાં આવશે. અભિમાનમાં આત્મા હાથ નહિ આવે. શાસ્ત્રોનું વ્યાખ્યાન એ તો શબ્દ છે, ભાષાવર્ગણાનું કાર્ય છે. આત્મા શબ્દને રચતો નથી. ધ્વનિ તો પ્રગટપણે જડ છે કાન સાથે અથડાય છે, આત્મા તો અરૂપી છે તે ધ્વનિને બિલકુલ કરી શકતો નથી માટે વ્યાખ્યાન હું કરી

શકું છું એવા અભિમાન કરવા રહેવા દેજે. જગતના એક પરમાણુનો ફેરફાર કરવા આત્મા ત્રણકાળમાં સમર્થ નથી પણ મૂઢ અભિમાન મૂકતો નથી.

જેમ ઈશ્વર જગતની રચના કરી શકતાં નથી તેમ આત્મા જગતના એક રજકણને પણ ફેરવવા કે રચવા સમર્થ નથી. માટે, હું સારાં સારાં કામ કરું છું, દુકાનની વ્યવસ્થા કરું છું કે સમાજની વ્યવસ્થા સંભાળું છું એવા બધાં અભિમાન છોડી દેજે ભાઈ!

જેમ સાકરમાં મીઠાશ ભરી છે, બરફમાં શીતળતા ભરી છે તેમ આત્મામાં અતીન્દ્રિય આનંદનો રસ ભર્યો છે તેની જો શ્રદ્ધા અને જ્ઞાનરૂપ ધર્મ તારે કરવો હોય તો આ બધાં અભિમાન તો પહેલાં જ છોડવા પડશે. અભિમાન છોડયા વગર ધર્મ નહિ થઈ શકે.

અમે એક કલાક વ્યાખ્યાન કરીએ અને લાખો રૂપિયાના ઢગલા કરાવી દઈએ. અમારી પાસે પૈસા નથી પણ લોકો પાસેથી લાખો રૂપિયા ભેગા કરાવી દઈએ—એવા અભિમાન છોડી દેજે ભાઈ! પૈસાના પરમાણુ જ્યાં આવવાના હોય ત્યાં આવે છે અને જવાના હોય ત્યાં જાય છે. તારા વ્યાખ્યાન દ્વારા કોઈ પૈસા આપી શકતું નથી.

આ આખા જગતથી ઊંધી વાત છે. અમને વ્યાખ્યાન વડે લોકોને રંજાયમાન કરતાં આવડે—એ અભિમાન મહા પાખંડ છે. કવિનો, શાસ્ત્ર રચનાનો, વાદનો અને વ્યાખ્યાન કરવાનો આ ચારેય પ્રકારનો શબ્દનો મદ છૂટી જતાં તે સંબંધી વિકલ્પ-જાળનો પણ અભાવ થાય છે તેથી જાણે અંતરમાં એકાગ્રતારૂપ સમાધિરૂપી અગ્નિને પવન મળી જાય છે એટલે તે પ્રજ્વલિત થાય છે. તેમાં કર્મો બળીને ભસ્મ થઈ જાય છે.

બહારના અનેક પ્રકારના અભિમાનનું અહીં પાણી ઊતરી જાય તેમ છે. અનેક પ્રકારના અભિમાનના વિકલ્પોના ત્યાગરૂપ પવન અને અંતરમાં એકાગ્રતારૂપ ધ્યાનાગ્નિ વડે કર્મોને મુનિરાજ ભસ્મ કરી નાંખે છે કેવી રીતે?—કે જેમ અગ્નિનો કણ લાકડાના મોટા પહાડ જેવા ઢગલાને ભસ્મ કરી નાંખે છે, નાની એવી દિવાસળી ઘાસની મોટી ગંજીને ખલાસ કરી નાંખે છે તેમ ધ્યાનાગ્નિ કર્મોના મોટા ઢગલાને બાળીને ભસ્મ કરી નાંખે છે. આનું નામ નિર્જરા છે. સ્વરૂપની સમીપતારૂપી ઉપવાસથી નિર્જરા થાય છે. લાંઘણો કરવી તે ઉપવાસ નથી.

આમ, આત્મામાં એકાગ્રતારૂપી સમાધિ જ આઠેય કર્મોને નાશ કરવામાં સમર્થ છે. સમાધિ સિવાય કર્મોના નાશનો બીજો કોઈ ઉપાય ભગવાને કહ્યો નથી.

પણ એને ધંધા આડે નવરાશ કયાં છે! વીતરાગની વાતો સાંભળવાનો પણ સમય નથી તો સમજવાનો પ્રયત્ન તો કયાંથી થાય!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા કે જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જોયા છે તે ભગવાન કહે છે કે હે આત્મા! તું પણ આનંદકંદ ભગવાન છો, તારે તને જોવો હોય અને તેમાં એકાગ્ર થવું હોય તો આ વિકલ્પોની જાળને જરાં ખસેડી દે અને સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન દ્વારા તેમાં એકાગ્ર થા તો જરૂર કર્મોનો નાશ થશે અને તું સદાકાળ તારા જ્ઞાનાનંદને ભોગવી શકીશ. પ્રથમ તો આઠેય કર્મ અને વિકલ્પ આદિ મારા નથી હું તો દ્રવ્યકર્મ, ભાવકર્મથી રહિત પરમસ્વરૂપ છું એમ દૃષ્ટિમાં આવશે. પછી અંતર આત્મદશા દ્વારા આત્મતત્ત્વમાં એકાગ્ર થાય તો ક્ષણમાં આઠેય કર્મોનો નાશ કરે એવી આત્મામાં શક્તિ છે. પ્રથમ તો દૃષ્ટિમાં આઠેય કર્મ મારા નથી એમ શ્રદ્ધામાં કર્મ ભસ્મ થઈ જાય છે પછી સ્વરૂપમાં સ્થિર થતાં કર્મોનો સંબંધ નિમિત્તરૂપે હતો તે પણ છૂટી જાય છે. જન્મ-જન્મમાં લાગેલા પાપો સમાધિના બળે અર્ધી ક્ષણમાં નષ્ટ થઈ જાય છે.

શુદ્ધાત્મધ્યાનનું આવું સામર્થ્ય જાણીને અંતરમાં એકાગ્ર થવાની વારંવાર ભાવના કરવી જોઈએ.

ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ અને ધ્યાન એટલે સ્વભાવમાં એકાગ્રતા—તે ધર્મધ્યાન છે. પુણ્ય-પાપના વિકલ્પો છોડી, શરીરાદિનું લક્ષ છોડી સ્વરૂપમાં એકાગ્રતા કરવી તે જ કર્મના નાશનો ઉપાય છે. ઉપવાસ કરવા, કંદમૂળ ન ખાવું, ચોવ્યાર કરવા એવું બધું હોય પણ તે કર્મના નાશનો ઉપાય નથી. ઉપવાસાદિ કરવા એ તો મંદ રાગ છે અને ધર્મધ્યાનમાં તો રાગના વિકલ્પરહિત, આત્માના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક તેમાં સ્થિરતા હોય છે. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે તેમાં એકાગ્ર થવું એ તો આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન છે.

હવે વિચાર કરો કે દુકાનમાં કયું ધ્યાન થતું હશે? એકલા પાપના પરિણામમાં એકાગ્રતારૂપ રૌદ્રધ્યાન થાય છે અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિના શુભરાગમાં આવે તોપણ હજુ ધર્મધ્યાન નથી. આ તો વીતરાગનો મારગ તલવારની ધાર જેવો છે.

ધાર તલવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા...અનંતકાળમાં એક સેકંડ પણ એણે વીતરાગનો માર્ગ સાંભળ્યો નથી. ખરેખર સાંભળે તો તો યથાર્થ રુચિ થઈ જાય અને રુચિ થતાં વીતરાગનો માર્ગ એના હાથમાં આવી જાય પણ અનંતકાળમાં આ વાત એણે સાંભળી જ નથી. વસ્તુની સ્થિતિ સમજવાનો પ્રયત્ન એણે કદી કર્યો જ નથી.

આ તો આત્મરાજાની જાન છે. સ્વરૂપમાં એકાગ્રતા કરવી એ લગન છે. બાકી બધું ધૂળ ધાણી અને વા-પાણી જેવું છે.

ભગવાન પરમાત્મા ભલામણ કરે છે કે મારા જેવી જ તારામાં શક્તિ છે. મેં મારી શક્તિનો ઉકેલ કરીને પર્યાયમાં પ્રગટ કરી છે. બહારથી કયાંયથી શક્તિ આવી નથી. કૂવામાં હોય તેમાંથી જ અવેડામાં આવે છે તેમ અંદરમાં શક્તિ પડી છે તેમાંથી જ પર્યાયમાં કેવળજ્ઞાન અને આનંદ આવે છે. તારા આત્મામાં પણ આવી શક્તિ પડી છે તેમાં એકાગ્ર થા અને બહારની એકાગ્રતા છોડી દે તો તને આત્માનું ધ્યાન થતાં સમ્યગ્દર્શન થશે અને સમ્યગ્દર્શન થતાં ધર્મકળા તારા હાથમાં આવી જશે એ ધર્મકળા વડે જ કર્મનો નાશ થશે, બીજી કોઈ રીતે કર્મનો નાશ થાય તેમ નથી.

[ક્રમશઃ]

## 卐 તારું સ્વ-પર-પ્રકાશકપણું તને પ્રકાશે છે 卐

આ ઝીણી પડે તેવી વાત છે પણ મારગ તો આ છે. પ્રભુ! એકવાર સાંભળ! તું એક ચૈતન્ય છો ને! તારો સ્વભાવ જાણવા-દેખવાનો છે ને! તો એ માત્ર સ્વને જ જાણે કે પરને પણ જાણે!—સ્વ-પર બંનેને જાણે એવો તારો સ્વભાવ છે તો એ પર્યાયમાં પોતાના સ્વ-પર-પ્રકાશક સ્વભાવને પ્રકાશે છે. તારું સ્વ-પર-પ્રકાશપણું તને પોતાને પ્રકાશે છે. રાગાદિ જ્ઞેયને આત્મા જાણે છે એમ કહ્યું હતું કેમ કે રાગાદિ જાણવામાં આવે છે પણ ખરેખર તો એ પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. પોતાની સ્વ-પર-પ્રકાશક શક્તિ છે તેને જ પોતે વિસ્તારે છે-પ્રકાશે છે. રાગાદિ જ્ઞેયને વિસ્તારતો નથી-પ્રકાશતો નથી. પરસંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે.

—પુરુષાર્થમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

# જીવ દ્રવ્યકર્મ કે ભાવકર્મને કરતો નથી

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૫૧ ]

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ કર્તાકર્મક્રિયા અધિકાર છે તેમાં ૫૩મા કળશ ઉપરનું ૩૫મું પદ્ય છે.

करम पिंड अरु रागभाव, मिलि एक हौंहि नहि ।
दोऊ भिन्न-सरूप बसहिं, दोऊ न जीवमहि ॥
करमपिंड पुग्गल, विभाव रागादि मूढ भ्रम ।
अलख एक पुग्गल अनन्त, किमि धरहि प्रकृति सम ॥
निज निज विलासजुत जगतमहि,
जथा सहज परिनमहि तिम ।
करतार जीव जड़ करमकौ,
मोह-विकल जन कहहि इम ॥३५॥

અર્થ :—જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને રાગ-દ્વેષ આદિ ભાવકર્મ આ બંને ભિન્ન-ભિન્ન સ્વભાવવાળા છે, મળીને એક નથી થઈ શકતાં અને એ જીવના સ્વભાવ પણ નથી. દ્રવ્યકર્મ પુદ્‌ગલરૂપ છે અને ભાવકર્મ જીવના વિભાવ છે આત્મા એક છે અને પુદ્‌ગલકર્મ અનંત છે, બંનેની એકસરખી પ્રકૃતિ કેવી રીતે હોઈ શકે? કારણ કે સંસારમાં બધાં દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં પરિણમન કરે છે તેથી જે મનુષ્ય જીવને કર્મનો કર્તા કહે છે તે કેવળ મોહની વિકળતા છે.

આ કળશમાં 'જીવ કર્મનો કર્તા નથી' એ વાત સમજાવી છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય આદિ આઠ પ્રકારના કર્મ છે તેને જીવ કરતો નથી. જ્ઞાનની અશાતના આદિ ભાવને જીવ કરે છે પણ તે ભાવ તો જીવમાં રહે છે અને જ્ઞાનાવરણી તો પુદ્‌ગલની અવસ્થા છે તેને જીવ કરી શકતો નથી. જીવના ભાવ-મિથ્યાત્વ રાગાદિની હયાતિ જીવની દશામાં છે અને કર્મની હયાતિ પુદ્‌ગલની દશામાં છે, જીવ અને કરમપિંડ મળીને કદી એક થતાં નથી.

અજ્ઞાનદશામાં જીવ જેવા રાગ-દ્વેષ-મોહભાવને કરે છે એવા જ કર્મો, એ જ

સમયે જીવની સાથે બંધાય છે પણ જીવના ભાવ તે કર્મના કર્તા નથી. જીવ પોતાના સ્વભાવના ભાન વિના મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિ ભાવોને તો કરે છે. 'હું તો જ્ઞાતા-દૃષ્ટા-આનંદસ્વરૂપ છું' એવા સ્વસન્મુખતાના ભાન વિના અનેક પ્રકારના વિભાવ ભાવોને કરે છે પણ તેની જાત અને કર્મની જાત જુદી છે તેથી વિભાવ અને કર્મ બંને મળીને એક થઈ જતાં નથી.

તત્ત્વાર્થસૂત્રમાં તો આવે છે કે છ કારણોથી જીવ જ્ઞાનાવરણીકર્મ બાંધે છે, છ કારણોથી દર્શનાવરણી બાંધે છે વગેરે પણ તે બધાં નિમિત્તના કથનો છે. જીવ જેમ પોતાના ભાવને કરે છે તેમ કર્મના ભાવને જીવ કરતો નથી. કારણ કે કર્મ તો રજકણના પિંડની અવસ્થા છે—પુદ્ગલદ્રવ્યની પર્યાય છે, અને જીવના રાગ-દ્વેષ-મોહાદિભાવ છે, તે કદી એકમેક થતા નથી. જુદાં દ્રવ્યની પર્યાયને જીવ કેવી રીતે કરે! જીવ વિકારભાવને કરે અને એ વિકારભાવ કર્મને બાંધે એવું બનતું નથી અને કર્મ જીવના વિકારભાવને કરે એમ પણ ન બની શકે કારણ કે કર્મની અવસ્થા કર્મમાં છે અને જીવની અવસ્થા જીવમાં છે. બંને અવસ્થા મળીને એક થતી નથી માટે જીવ કર્મને કરતો નથી અને કર્મ જીવના ભાવને કરતા નથી.

કર્મ અને વિકાર બંને **भिन्नसरूप बसहि** । કર્મ રૂપીપણે રહે છે અને વિકાર અરૂપીપણે રહે છે. બંનેના સ્વરૂપ જ ભિન્ન છે. વિકાર જીવની પર્યાયમાં રહે છે પણ તે જીવનું સ્વરૂપ નથી. મૂઢ જીવનો ભ્રમ છે. **अलख एक पुग्गल अनन्त, किमि धरहि प्रकृति सम** । 'અલખ' એટલે 'આત્મા' તો એક છે અને પુદ્ગલ તો અનંત છે, બંનેની જાત જ જુદી છે તેનો સ્વભાવ એક કેમ હોય! જીવ પોતાના ભાવને કરે અને અનંત પુદ્ગલના ભાવને પણ કરે એમ અનેક દ્રવ્યોના પરિણામને એક જીવ કેમ કરે? ન કરી શકે. જીવ જેવા ભાવ કરે તેવા જ કર્મ બંધાય પણ જીવ એ કર્મબંધનનો કર્તા નથી. આ તો સ્થૂળ વાત છે છતાં જૈનને પણ સમજાતી નથી.

આત્મા 'એક' છે એમ કહ્યું તેમાં આત્મા એક દ્રવ્ય છે એમ કહેવું છે આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, રાગરૂપ નથી એ વાત અહીં નથી. અહીં તો આત્મા એક દ્રવ્ય છે અને કર્મ તો અનંત પુદ્ગલ દ્રવ્યનો પિંડ છે તો એક આત્મા અનંત પુદ્ગલદ્રવ્યની પર્યાયને કેમ કરે! કરી જ ન શકે એમ સમજાવ્યું છે. ભાષાની પર્યાયને પણ જીવ કરતો નથી કેમકે ભાષા તો પુદ્ગલની પર્યાય છે. 'હા' અજ્ઞાની જીવ પોતાના રાગભાવને કરે છે. જ્ઞાની તો રાગને પણ જાણે છે, કરતા નથી.

ગજ ગોથા ખાય ત્યાં ગાડર તો ગોથા ખાય જ તેમ, મોટા મોટા વિદ્વાન ગણાતાં

લોકો પણ જ્યાં ગોથા ખાય ત્યાં નાનાનું શું કહેવું ? છતાં સમજવા માગે તો સમજાય તેવી જ વાત છે.

અહીં તો એટલું જ કહેવું છે કે જીવના સંસારભાવ કર્મને કરતા નથી અને કર્મ જીવના સંસારભાવને કરતા નથી. જીવ પોતાના સંસારભાવને પણ કરે અને કર્મને પણ કરે એમ બે દ્રવ્યના ભાવને એક જીવ કરી શકતો નથી. **निज निज विलासजुत जगतमहि,** પરમાણુ પરમાણુના વિલાસની અવસ્થાને કરે અને અજ્ઞાની જીવ પોતાની ભ્રમરૂપ અવસ્થાને કરે પણ કર્મની અવસ્થાને જીવ ન કરે.

હવે આમાં 'પરનું કાર્ય ન કરે તે દિગંબર જૈન નહિ' એ વાત ક્યાં રહી ? જો જગતનાં અનંત દ્રવ્ય છે એમ તમે માનો છો તો અનંત દ્રવ્ય પોત પોતાની અવસ્થાને કર્યા વગર રહે નહિ. આત્મા આત્માના ભાવરૂપે પરિણમે અને કર્મ કર્મના ભાવરૂપે પરિણમે. અહીં આત્માના ભાવમાં 'વિકારભાવ'ને લીધો છે.

**करतार जीव करमकौ, मोह–विकल जन कहहि इम ।** જીવ કર્મને કરે એ મૂરખ મિથ્યાદૃષ્ટિજનોનો ભ્રમ છે—મોહની વિકળતા અર્થાત્ પાગલપણું છે. વજન કરવાના કાંટામાં જેટલું વજન મૂકયું હોય એ પ્રમાણે સામે કાંટો વજન બતાવે તેમ જીવ જેવા ભાવ કરે તેવા જ પ્રકારના કર્મો બંધાય એવો કર્મનો પોતાનો સ્વભાવ છે જીવ તેને કરતો નથી.

જીવ કર્મને પણ કરતો નથી તો પછી ઘરનું, દુકાનનું, સગા–વહાલાનું કામ જીવ કરે એ વાત ક્યાં રહી ! તું ઇશ્વરને જગતનો કર્તા ન માન પણ કર્મનો કર્તા અને પરદ્રવ્યનો કર્તા તને માન તો એમાં ફેર શું પડયો ! જે વસ્તુ સત્ છે તેનો કર્તા અન્ય દ્રવ્ય ન હોય અને જે વસ્તુ નથી તે તો થતી જ નથી. 'જે' છે તેને કરે કોણ અને નથી તે થાય કેમ ! જે વસ્તુ છે તે પોતે જ પોતાના ભાવને કરે છે.

અરે ! એક પરમાણુ બીજા પરમાણુના ભાવને કરી ન શકે તો જીવ તો પરમાણુના ભાવને કેમ કરે ! જગતમાં અનંત દ્રવ્ય છે તે દરેક પોત–પોતાની અવસ્થાને કરે છે માટે હું કોઈના ભાવને ન કરું પણ સર્વને જાણું. કેમ કે 'જાણવું' એ મારો ભાવ છે.

અનંત દ્રવ્યોને આત્મા એક સમયમાં જાણે એ સિદ્ધાંત સાંભળી કોઈને એમ પ્રશ્ન ઊઠે કે જ્ઞાનમાં બધું જણાઈ જાય છે તો એ દ્રવ્યોનો અંત પણ આવી ગયો ને ! જેમ કે આકાશના આખા ક્ષેત્રને જ્ઞાને જાણ્યું તો ક્ષેત્રનો અંત પણ જણાયો હશે ને !—ના ભાઈ ! એમ નથી. જ્ઞાનમાં વસ્તુ જેમ છે તેમ જણાય છે. ક્ષેત્રનો અંત નથી તો

જ્ઞાન પણ એમ જાણે છે કે આ ક્ષેત્રનો અંત નથી. આકાશ છે...છે...છે...એમ જણાય છે.

એ જ તો આ જ્ઞાનનું રહસ્ય છે કે અનંત દ્રવ્યોને જાણે, અનાદિ અનંતકાળને જાણે, અનંત ક્ષેત્રને જાણે, દ્રવ્યમાં રહેલા અનંતગુણને જાણે પણ તેથી કાંઈ વસ્તુનો અંત આવતો નથી. આત્મામાં રાગનો અંત આવીને રાગરહિત દશા થઈ જાય છે. અનંતને અનંતપણે જાણવા એ તો જ્ઞાનનો સ્વભાવ છે તે પણ પર છે માટે પરને જાણે છે એમ નહિ. પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અસ્તિથી જ્ઞાનની અસ્તિ નથી. જ્ઞાન અનંતને અનંતપણે પોતાથી જાણે એવી જ્ઞાનની કોઈ અજબ શક્તિ છે અને એવી અનંત શક્તિવાળું મારું તત્ત્વ છે એમ જેને અંતર પ્રતીતમાં આવે તેને રાગની એકતા તૂટ્યા વિના રહે નહિ અને સ્વભાવમાં એકતા થયા વિના રહે નહિ.

અહો! હું તો સર્વજ્ઞસ્વભાવી—સર્વને જાણવાના સ્વભાવવાળો છું. બેહદ તત્ત્વને બેહદપણે હું જાણી શકું એવો મારો સ્વભાવ છે. આમ જ્યાં સ્વભાવને માને ત્યાં ભિન્ન પડ્યા વિના રહે નહિ. માત્ર આ વાત ધારણામાં આવે તેને 'હું રાગનો અને કર્મનો કર્તા નથી' એમ કહેવાનો અધિકાર નથી. હું ક્ષેત્રથી ભલે નાનો છતાં અપરિમિત જ્ઞાનસ્વભાવી છું એમ જ્યારે જ્ઞાનમાં ભાસે ત્યારે તે જીવ રાગનો અને પરનો અકર્તા થાય. તે જીવ 'હું રાગનો અને પરનો કર્તા નથી' એમ કહેવાનો અધિકારી થાય છે.

અહીં તો કહે છે કે જીવ સહજપણે પોતાની અવસ્થાકાળે પરિણમે છે તો પરની અવસ્થાને તો એ કેમ કરે! 'પરનું હું કરું છું' એ તો મોહી મિથ્યાદૃષ્ટિનો ભ્રમભાવ—પાગલભાવ છે. અનાદિથી ઘોર મોહનિદ્રામાં સૂતેલો જીવ જ 'હું પરને કરું છું' એમ માને છે. જીવ પોતાના ભાવને કરે એ તો પોતાનો વિલાસ છે પણ સાથે જડકર્મોની અવસ્થાને પણ જીવ કરે એમ બની શકતું નથી.

આ ૫૩મો કળશ થયો. હવે ૫૪મા કળશમાં શુદ્ધાત્માનુભવનું માહાત્મ્ય બતાવે છે. તેમાં કહેશે કે જે કર્મનો કર્તા થતો નથી તે મિથ્યાત્વને પણ કરતો નથી.

जीव मिथ्यात न करै, भाव नहि धरै भरम मल ।
ग्यान ग्यानरस रमै, होइ करमादिक पुद्गल ॥
असंख्यात परदेस सकति, जगमगै प्रगट अति ।
चिदविलास गंभीर धीर, थिर रहै विमलमति ॥

जब लगि प्रबोध घटमांहि उदित,
तब लगि अनय न पेखिये ।
जिमि धरमराज वरतंत पुर,
जहं तहं नीति परेखिये ॥३६॥

ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ ભ્રમણાને કેમ કરે! કર્મનું કર્તાપણું તો જીવને નથી પણ ભ્રમણાનું કરવાપણું પણ અજ્ઞાની બળાત્કારે માને છે, ખરેખર કર્તા નહિ હોવા છતાં માને છે. જ્ઞાની તો જાણે છે કે 'રાગાદિ ભાવને કરનારો હું નથી.' જુઓ! પરનો કર્તા થવાની વાત તો દૂર રહી, આત્મા રાગનો પણ કર્તા નથી તેથી, રાગનો કર્તા માનનારને અમે આત્મા કહેતા નથી. મૂળ ભગવાનને ભૂલીને વાત કરનારાની વાતને જ્ઞાની કેમ માને! આત્મામાં તો જ્ઞાનનો રસ છે. આવ્યું ને!—'ગ્યાન ગ્યાનરસ રમે!'

અર્થ:—જીવ મિથ્યાત્વભાવ કરતો નથી અને રાગાદિ ભાવમળને પણ ધરતો નથી. કર્મ તો પુદ્ગલ છે. જ્ઞાન તો જ્ઞાનરસમાં જ લીન છે. જીવના અસંખ્યાત પ્રદેશોમાં તેની સ્થિર, ગંભીર, ધીર, નિર્મળ જ્યોતિ અત્યંત ઝગમગે છે, તે જ્યાં સુધી હૃદયમાં પ્રકાશિત રહે છે ત્યાં સુધી મિથ્યાત્વ રહેતું નથી. જેવી રીતે નગરમાં ધર્મરાજાનું રાજ વર્તતું હોય ત્યારે બધે નીતિ જ નીતિ દેખાય છે. અનીતિનો લેશ પણ રહેતો નથી. ૩૬.

જ્યાં સુધી બહિર્મુખભાવ છે ત્યાં સુધી અજ્ઞાની જીવ બહિર્મુખ ભાવને તો કરે છે પણ કર્મને કરતો નથી પણ જ્યાં પોતાનું સ્વરૂપ સમજાયું તો જોયું કે મારા જ્ઞાનરસમાં તો બહિર્મુખભાવનો પ્રવેશ જ નથી. મારો જ્ઞાનાનંદસ્વભાવી આત્મા જ્ઞાન અને આનંદને તો કરે પણ વિકલ્પને મારો આત્મા ન કરે. જેની એક એક શક્તિનું માપ અનંત છે એવી અનંત જેની શ્રદ્ધા, અનંત જેના જ્ઞાનનું માપ, અનંત જેના આનંદનું માપ એવી અનંત બેહદ શક્તિવાળુ તત્ત્વ રાગને કેમ કરે! અનંત સ્વભાવને ધરનાર મહાપ્રભુ વિભાવને કેમ કરે!

આગળના શ્લોકમાં, એક આત્મા અનંતા પુદ્ગલપિંડ-કર્મને કેમ કરે! એ વાત હતી. હવે ગુંલાંટ મારી અને આ શ્લોકમાં કહ્યું કે અનંત અનંત શુદ્ધસ્વભાવને ધરનારો આત્મા એક કણી જેવા રાગાદિ મેલને કેમ કરે! સંતોના આવા ઢંઢેરા છે. દાંડી પીટીને જગતને જાહેર કરે છે કે વસ્તુસ્વરૂપ આ પ્રમાણે છે. કાંઈ ગુપ્ત રાખ્યું નથી. બેહદ અપરિમિત સ્વભાવનો સાગર ભગવાન આત્મા પરિમિત એવી સમયની ભૂલરૂપ ભ્રમણાને કેમ કરે!

આત્મા પરના કામ ન કરી શકે, દવા ન લઈ શકે, ઇંજેક્શન લઈ ન શકે, બોલી ન શકે, ચાલી ન શકે, ખાઈ ન શકે એ બધું શ્રદ્ધામાં આવ્યું હોય તો હવે કહે છે કે આગળ વધ! આત્મા બેહદ જ્ઞાનસ્વભાવી છે તેથી બેહદ ક્ષેત્ર, કાળ, ભાવવાળા દ્રવ્યોને બેહદસ્વભાવે જાણે પણ મિથ્યાત્વને ન કરે. બેહદ જ્ઞાન કરનારું તત્ત્વ વિભાવના ક્ષણિકભાવને કેમ કરે? વ્રત, તપ, દયા, દાનાદિ ભાવને આત્મા ન કરે, કેમ કે એ તો અજ્ઞાનભાવ છે. ક્ષણ પૂરતો ચેતનનો અંશ છે તેને બેહદ સ્વભાવી આત્મા કેમ કરે! જે સ્વભાવમાં નથી એવી મિથ્યાભ્રમણા અને કૃત્રિમ રાગને એ કેમ કરે! ત્રિકાળ રહેલાં ભાવને છોડીને રાગાદિ ક્ષણિકભાવને આત્મા ન કરે.

આ તો નવી જાતનો ધર્મ કાઢયો છે એમ લોકોને લાગે પણ આત્માનો ધર્મ તો અનાદિનો છે એને કદી જાણ્યો ન હતો તેથી નવો લાગે. આ તો સાદી ભાષામાં બનારસીદાસજીએ, સમયસારના અમૃતચંદ્રાચાર્યના શ્લોક ઉપરથી રાજમલજીએ ટીકા રચી છે તેના ઉપરથી પદ્યમાં નાટક સમયસારની રચના કરી છે. આ નાટકની ચર્ચા તો ઘરે-ઘરે થવા લાગી છે એમ પાછળ પ્રશસ્તિના પદ્યમાં આવે છે.

ભારે ચીજની ઉપર હળવી ચીજ રહી શકે પણ હળવી ચીજ ઉપર ભારે ચીજ ન રહી શકે તેમ, કર્તાબુદ્ધિ વિનાના હળવા આત્મા ઉપર મિથ્યાત્વનો બોજો ન રહી શકે. શુદ્ધચૈતન્યઘન નિર્મળ ચીજ મલિનભાવને કેમ ધારે! શીખંડના ખાનારા વિષ્ટાને કેમ ખાય? મોતીના ચારાને ચરનારા હંસલા જુવારના દાણાં ન ખાય. તેમ જ્ઞાનશક્તિ તો જ્ઞાનમાં રમે. વિભાવમાં તે ન રમે રાગને કરે કે ધરે નહિ અને સ્વભાવમાં રમે એવું આત્માનું સ્વરૂપ છે.

જુઓ! રાગમાં રમે એમ કહ્યું નથી. આત્મા રાગને કરે પણ નહિ અને ધરે પણ નહિ. આત્મા જ્ઞાનરસમાં રમે તો કર્માદિક છે તે પણ સામાન્ય પુદ્‌ગલપણે થઈ જાય. જ્ઞાનપ્રકાશ થતાં કર્મ પુદ્‌ગલરૂપ થઈ જાય. જ્ઞાને અજ્ઞાનનો વેષ ધારણ કર્યો હતો તે છૂટતાં પુદ્‌ગલે કર્મનો વેષ ધાર્યો હતો તે છોડીને પુદ્‌ગલરૂપ થઈ જાય છે.

ભગવાન આત્મા શરીર પ્રમાણે (શરીર જેવડો) અરૂપી અસંખ્ય પ્રદેશનો પિંડ છે. અર્થાત્ અસંખ્યાતપ્રદેશી આત્માનું ક્ષેત્ર છે તેમાં પોતે રમે છે. અનંત શક્તિનો ધરનારો અસંખ્ય પ્રદેશી આત્મા તેનું ભાન થતાં અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનજ્યોતિ ઝગમગવા લાગે છે. જ્યારે આત્મા રાગનો કર્તા થતો હતો ત્યારે ચૈતન્યજ્યોતિ પર્યાયમાં ઢંકાઈ જતી હતી (પ્રગટ થતી ન હતી) તે હવે પર્યાયમાં ઝગમગવા લાગી. બ્રહ્માંડનો નાથ, બ્રહ્માંડને જાણનાર, બ્રહ્માંડમાં નહિ પેસનાર, બ્રહ્માનંદી આત્મા ઝગમગ થવા લાગે છે.

अप्पा सो परमप्पा ।—આત્મા તે પરમાત્મા છે. આત્મામાં પરમાત્મશક્તિ છે તે પ્રગટીને બહાર આવે છે. શક્તિમાં છે તેનો જ એન્લાર્જ થાય છે, બહારથી કાંઈ આવતું નથી. દર્શન, જ્ઞાન, આનંદ, શ્રદ્ધા આદિ શક્તિની પ્રગટતાથી આત્મા ઝગમગવા લાગે છે.—વિલાસ કરે છે. चिदविलास गंभीर धीर, थिर रहै त्रिमलमति । રાગની રમતું છોડીને જે જ્ઞાનમાં આવ્યો તેનો જ્ઞાનવિલાસ જ આત્મા છે, તે જ્ઞાનરસમાં રમે છે, તેનો વિલાસ ઘણો ઊંડો અને ગંભીર છે જ્ઞાનની દશામાં અનંતતા આવી ગઈ છે છતાં ધીર છે, શાંત છે.

જુઓ ! આ સમ્યગ્દર્શનમાં—આત્માના ભાનમાં આવી દશા થાય છે એમ કહે છે. રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ અને સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં ચૈતન્યના અસંખ્ય પ્રદેશો ઝગમગવા લાગે છે. અનંતાગુણોના પર્યાયો પ્રગટ થઈ ગયા. જ્ઞાન પર્યાયરૂપી ' ધી ( બુદ્ધિ ) અખંડપૂર્ણ પ્રભુને ધ્યેય બનાવીને તેમાં ઢળી છે માટે તે ધીર છે અને ગંભીર છે.

અરે ! એણે કદી એના ગાણાં પણ સાંભળ્યાં નથી. મહાવ્રત પાળો, ભક્તિ કરો અને સિદ્ધગિરી શેત્રુંજયની જાત્રા કરો એટલે તમારું કલ્યાણ થઈ જશે એવી વાત સાંભળી છે. પણ એ તો શુભભાવ છે. તે ભાવ હોય પણ તેનાથી કાંઈ ધર્મ થાય તેમ નથી. જ્ઞાનીને પણ શુભરાગ તો હોય છે પણ તે પુણ્યબંધનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી. ' ભગવાનના દર્શનથી આસ્રવ ઘટે અને સંવર વધે ' એ ભગવાનના વચન નથી. જ્ઞાનીને અસ્થિરતા ન ટળે ત્યાં સુધી શુભભાવ હોય છે, થાય છે—થઈ જાય છે પણ તેનાથી સંવર થતો નથી. અંતરમાં નિર્મળ જ્યોતિ ઝગમગતી જ રહે છે—સ્થિર રહે છે. તે ચિદ્‌વિલાસ છે.

जब लगि प्रबोध घटमहि उदित—જ્યાં સુધી અંદરમાં જ્ઞાનસ્વરૂપનું ભાન વર્તે છે ત્યાં અન્યાય એટલે મિથ્યાત્વ અંદરમાં પ્રવેશી શકતું નથી. અહીં મિથ્યાત્વને જ અન્યાય કહે છે. જ્યાં જ્ઞાનનો પ્રકાશ છે ત્યાં મિથ્યાત્વનો અંધકાર ન હોય. જેમ ધરમરાજ એટલે રામના રાજમાં ક્યાંય અનીતિનું નામ ન હતું. જ્યાં જુઓ ત્યાં નીતિ-નીતિ અને નીતિ જ દેખાય. પુરુષોત્તમ પુરુષ રામનું રાજ્ય એવું હતું તેમ, આ ચૈતન્યરાજાના રાજ્યમાં ભ્રમ પ્રવેશી ન શકે. જ્યાં સુધી પ્રબોધ એટલે સમ્યગ્જ્ઞાન રહે ત્યાં સુધી મિથ્યાત્વ આવી ન શકે. ભ્રમની તાકાત નથી કે બ્રહ્મમાં આવી શકે.

અનંતગુણનું ધામ પ્રભુ ચૈતન્યસ્વરૂપ ભગવાન જ્યાં રાગથી ભિન્ન પડીને પોતાના ભાનમાં આવ્યો ત્યાં તેને અન્યાય અને મિથ્યાત્વ ન હોય શકે.

આ ૫૪મા કળશનું ૩૬મું પદ્ય પૂર્ણ થયું. હવે અધિકારનો સાર કહેશે. [ક્રમશઃ]

# ⊞ વૈરાગ્યજનની : બાર ભાવના ⊞

[ શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

બાર પ્રકારના તપનાં વ્યાખ્યા ચાલે છે. આત્મા શુદ્ધજ્ઞાનાનંદ છે તેની પર્યાયમાં અશુદ્ધતા છે. સ્વભાવના આશ્રયે શુદ્ધતા થાય છે, તેને તપ કહે છે. પુણ્ય પાપના પરિણામ તે અપરાધ છે. આત્માનો સ્વભાવ અપરાધ રહિત છે, એવો નિર્ણય કરી સ્વરૂપમાં એકાગ્રતા કરવી તે ચારિત્ર અથવા તપ છે.

यत् किमपि तेन दत्तं तत् सर्वं सः करोति श्रद्धया ।
नो पुनः हृदये शंकते किं स्तोकं किमपि बहुकं वा ॥ ४५३ ॥

અર્થ:—દોષની આલોચના કર્યા પછી આચાર્યે જે કાંઈ પ્રાયશ્ચિત્ત આપ્યું હોય તે બધુંય શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરે પણ હૃદયમાં એવી શંકા સંદેહ ન રાખે કે આ આપેલું પ્રાયશ્ચિત્ત થોડું છે કે ઘણું છે?

ભાવાર્થ:—તત્ત્વાર્થસૂત્રમાં પ્રાયશ્ચિત્તના નવ ભેદ કહ્યા છે: આલોચન, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુતસર્ગ, તપ, ભેદ, છેદ, પરિહાર અને ઉપસ્થાપના. ત્યાં દોષને યથાવત કહેવો તે આલોચના છે. દોષને મિથ્યા કરાવવો તે પ્રતિક્રમણ છે. આલોચન-પ્રતિક્રમણ બન્ને કરાવવા તે તદુભય છે. ભવિષ્યનો ત્યાગ કરાવવો તે વિવેક છે. કાયોત્સર્ગ કરાવવો તે વ્યુતસર્ગ છે. દીક્ષા છેદન કરવો અર્થાત્ ઘણા દિવસના દીક્ષિતને થોડા દિવસનો કરવો તે તપ અને છેદ છે. સંઘ બહાર કરવો તે પરિહાર છે, તથા ફરીથી નવેસરથી દીક્ષા આપવી તે ઉપસ્થાપના છે. આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત નવ પ્રકારથી છે, તથા તેના પણ અનેક ભેદ છે. ત્યાં દેશકાળ, અવસ્થા, અને દોષનું વિધાન જોઈ આચાર્ય યથાવિધિ પ્રાયશ્ચિત્ત આપે છે. તેને શ્રદ્ધાપૂર્વક અંગીકાર કરે પણ તેમાં સંશય ન કરે.

આ બધી વાત સાચા મુનિની છે. જેને દેવ-શાસ્ત્ર-ગુરુની પણ ખબર નથી એવા મુનિની આ વાત નથી એમ સમજવું.

पुनः अपि कर्त्तुं न इच्छति तं दोषं यद्यपि याति शतखण्डम् ।
एवं निश्चयसहितः प्रायश्चित्तं तपः भवति ॥४५४॥

અર્થ:—લાગેલા દોષનું પ્રાયશ્ચિત લઈને પાછો તે દોષને કરવા ન ઇચ્છે,

પોતાના સેંકડો ખંડ થઈ જાય તોપણ તે દોષ ન કરે એવા નિશ્ચયપૂર્વક પ્રાયશ્ચિત્ત નામનું તપ હોય છે.

ભાવાર્થ :—ચિત્ત એવું દઢ કરે કે પોતાના શરીરનાં સેંકડો ખંડ થઈ જાય તોપણ પહેલાં લાગેલા દોષને ફરીથી ન લગાવે તે પ્રાયશ્ચિત તપ છે.

હવે ગાથામાં આ પ્રાયશ્ચિત્ત તપ ખરેખર કોને કહેવો ? એ કહે છે. આ ગાથા ઘણી સરસ છે.

यः चिन्तयति आत्मानं ज्ञानस्वरूपं पुनः पुनः ज्ञानी ।
विकथादिविरक्तमनाः प्रायश्चित्तं वरं तस्य ॥४५५॥

અર્થ :—જે જ્ઞાનીમુનિ આત્માને વારંવાર-ફરી ફરી જ્ઞાનસ્વરૂપ ચિંતન કરે, વિકલ્પાદિક પ્રમાદોથી વિરક્ત બની માત્ર જ્ઞાનને જ નિરંતર સેવન કરે તેને શ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત હોય છે.

જુઓ. વ્યવહારની વાત કરી પણ મુનિને "હું જ્ઞાનસ્વરૂપ છું" એ વાત ખસતી નથી. વિકલ્પ ઊઠયો તે પણ હું નથી. દેહરહિત કેવળ ચૈતન્યનું જ્ઞાન જેને વર્તે છે અને વારંવાર તેનું ચિંતવન કરે છે તે પ્રાયશ્ચિત્ત છે. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું પણ આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે એનો નિર્ણય અને લીનતા એ જ નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે.

આત્મા પરનો તો કર્તા નથી પણ રાગને કરે એવો પણ તેનો સ્વભાવ નથી. રાગ થાય એને જાણવાનો સ્વભાવ છે. જ્ઞાનસ્વરૂપી હું છું, એવો નિર્ણય તો ધર્માત્માને પ્રથમ જ હોય છે. ગૃહસ્થદશામાં રાગદ્વેષ વધારે અને મુનિદશામાં ઓછા હોય, છતાં તે વખતે પણ ધર્માત્માને મારો સ્વભાવ તો જ્ઞાન છે, એવો નિર્ણય ખસતો નથી. જ્ઞાન સિવાય અન્ય કાંઈ મારું સ્વરૂપ નથી. નિગોદમાં કે સિદ્ધદશામાં પણ આત્મા તો જ્ઞાન-સ્વરૂપ જ છે. આમ નક્કી કરીને સ્વરૂપમાં સ્થિર થવું તે પ્રાયશ્ચિત્ત તપ છે.

જુઓ, આ ગાથા અલૌકિક છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ વારંવાર ચિંતવ્યા વિના બહારમાં કયાંય ધર્મ નથી. મુનિને કદાચ પ્રમાદથી અલ્પદોષ થાય, તેનો પણ મુનિ જાણનાર છે. તે ક્રમબદ્ધ છે, એમ તે જાણે છે. વિકલ્પ ઊઠયો હોય એનું જ્ઞાન કરાવે પણ ક્રમ ફરતો નથી, આત્મા તો જાણનાર છે. તે કોઈને ફેરવતો કે હલાવતો નથી. કદાચ ગુરુનો યોગ થયો અને રાગ પણ થયો, તો તેનો પણ જાણનાર રહે છે. મુનિ એ રીતે માત્ર જ્ઞાનનું સેવન કરે છે. આ સાચું પ્રાયશ્ચિત્ત છે અને તે જ તપ છે.

પરવસ્તુથી લાભ-નુકસાન થાય અને વિકાર જેટલો આત્માને માની તેનો સ્વીકાર કરે છે તે શુદ્ધ સ્વભાવનો અનાદર અને અરુચિ કરે છે. તેને ભગવાન અપરાધ કહે છે, અને એ અપરાધનું ટળવું તે પ્રાયશ્ચિત્ત છે.

અર્થ:- જે મુનિ જ્ઞાનસ્વરૂપનું ચિંતવન કરે તે પ્રાયશ્ચિત્ત છે. પ્રથમ જ્ઞાન મારું સ્વરૂપ છે એમ નક્કી કરે તો એનું ચિંતવન કરે. આત્મા કોઈનું કરનાર નથી અને આત્મા કોઈથી થાય એવો નથી પણ જાણનાર-દેખનાર છે એવો નિર્ણય કર્યા વિના એનું ચિંતવન સાચું હોય નહિ અને એને પ્રાયશ્ચિત્ત પણ હોય નહિ. જ્ઞાનસ્વભાવ પૂર્ણ પ્રગટ થયો છે તે સર્વજ્ઞદેવ છે. એને સાધનાર તે ગુરુ છે. અને એમણે કહેલાં શાસ્ત્રો તે યથાર્થ છે એમ દેવ-શાસ્ત્ર-ગુરુનો પ્રથમ યથાર્થ નિર્ણય કરવો જોઈએ. આત્મા એકલો પરને જ જાણનાર છે એમ નથી પણ સ્વને જાણતાં પરને દેવ-શાસ્ત્ર-ગુરુને યથાર્થ જાણે એવો આત્માનો સ્વભાવ છે. અને નિમિત્ત પ્રત્યે જે રાગ પોતાની નબળાઈથી થાય છે તેને પણ સમ્યગ્દૃષ્ટિ બરાબર જાણે છે. આત્મા પરના કામ તો કરે નહિ પણ આત્મામાં રાગ થાય એને કરવાનો પણ આત્માનો સ્વભાવ નથી. પણ તેને જાણવાનો આત્માનો સ્વભાવ છે. પર સુધરે કે બગડે એ આત્માના હાથની વાત નથી. છતાં મૂઢ અજ્ઞાની એમ માને છે કે ધ્યાન ન રાખ્યું માટે પર કાર્ય બગડ્યું; તે જ અપરાધ છે અને એ જ દુ:ખ અને ઉપાધિ છે. તે ઉપાધિ ક્ષણિક છે, ત્રિકાળીસ્વભાવમાં તો નથી. સ્વભાવ તો જાણવા-દેખવાનો છે. અને એવા આત્મામાં વારંવાર ઉગ્ર પુરુષાર્થ કરવો તે ચારિત્ર છે. આત્માનું ચારિત્ર બહારમાં નથી. જ્ઞાનાનંદમાં વસવું તે ચારિત્ર અથવા તો ઉપવાસરૂપી તપ છે. જ્ઞાની આહાર આવે છે તેને પણ જાણે છે. પણ તેને હું લાવું છું કે આહાર હું લઉં છું એમ તે માનતો નથી. આહાર લેવાનો વિકલ્પ થાય છે એનો પણ જાણનાર છે. તેથી આહાર વખતે પણ જ્ઞાની ધર્માત્મા ઉપવાસી છે એમ કહેલ છે.

અહીં તો આત્માના ભાન ઉપરાંત ચારિત્રની વાત છે. તેથી વારંવાર આત્માનું ચિંતવન કરે તે ચારિત્ર છે, પ્રાયશ્ચિત્ત છે અને તેને પૂર્વનો અપરાધ નાશ થાય છે. આ પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ લોકો કહે છે એના કરતાં જુદી જાતનું છે. ભગવાનની કૃપા થાય તો આત્માનું કલ્યાણ થઈ જાય એમ છે જ નહિ. ભગવાન તારી દે, એમ માનવામાં આવે તો અત્યાર સુધી ભગવાને ન તાર્યા એમ થયું. પણ એમ નથી. આત્મા પોતે સમજે, તો કલ્યાણ થાય એમ છે. આત્મા પુણ્ય-પાપમાં એકાગ્ર થાય તે રખડવું છે. આત્મા એક સ્થળેથી બીજે સ્થળે જાય તે રખડવું નથી...મનમાં કલ્પનાના ઘોડા ઘડે તે સ્વ-ઘર છોડીને બહાર ગયો છે. આહારકથા, દેશકથા આદિ ચારે કથા વિકથા છે.

રળવાની કથા, ઘરની કથા, છોકરાની કથા, તે બધી રાગ કથા હોવાથી વિકથા છે, તે આત્માથી વિપરીત કથા છે. તે પ્રમાદ છે. એનાથી રહિત થઈને આત્માનું ચિંતવન કરવું તે પ્રાર્યશ્ચિત્ત છે. આને શ્રેષ્ઠ એટલે નિશ્ચય પ્રાયશ્ચિત્ત કહે છે.

ભાવાર્થ:—નિશ્ચયપ્રાર્યશ્ચિત્ત આ છે કે—જેમાં સર્વ પ્રાયશ્ચિત્તના ભેદો ગર્ભિત છે, અર્થાત્ પ્રમાદરહિત થઈ પોતાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માનું ધ્યાન કરવું કે જેનાથી સર્વ પાપોનો પ્રલય થાય છે. એ પ્રમાણે પ્રાયશ્ચિત્ત નામના અંતરંગતપના ભેદ કહ્યા.

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. તેની પ્રતીતિ અને લીનતામાં બધાં પ્રાયશ્ચિત્ત આવી જાય છે. જેમાં રુચિ હોય એનું ધ્યાન કરે. જેમ ઘરમાં રૂ પડયું હોય, એની પૂણી રેંટિયામાં સાંધ્યા કરે છે, તેમ જેની જેને રુચિ હોય એનું પીંજણ પીંજ્યા કરે છે. પૈસાની રુચિવાળો પૈસાનું પીંજણ કર્યા કરે છે. તેમ જ્ઞાનીને આત્માની રુચિ હોવાથી આત્માનું રટણ કર્યા કરે છે. આ નિશ્ચય પ્રાયશ્ચિત્ત નામના અંતરંગ તપની વ્યાખ્યા થઈ. આગળ ત્રણ ગાથામાં વિનયતપ કહે છે :—

विनयः पंचप्रकारः दर्शनज्ञाने तथा चारित्रे च ।
द्वादशभेदे तपसि उपचारः बहुविधः ज्ञेयः ॥४५६॥

અર્થ :—વિનયના પાંચ પ્રકાર છે. દર્શનનો, જ્ઞાનનો, ચારિત્રનો, બારભેદરૂપ તપનો વિયન તથા ઉપચારવિનય એમ ઘણા પ્રકારથી છે.

ભાવાર્થ:—વિનય તે તપ છે અને તપ તે આત્માની શુદ્ધિ છે અને તે ચારિત્ર છે. તેના ઉપર કહ્યા પ્રમાણે પાંચ ભેદ છે. તેનો ખુલાસો હવેની ગાથામાં કહે છે.

दर्शनज्ञानचारित्रे सुविशुद्धः यः भवति परिणामः ।
द्वादशभेदे अपि तपसि सः एव विनयः भवेत् तेषाम् ।।४५७।।

અર્થ :—દર્શન-જ્ઞાન-ચારિત્રમાં તથા બારભેદરૂપ તપમાં જે વિશુદ્ધ પરિણામ થાય છે તે જ તેનો વિનય છે.

ભાવાર્થ :—પાંચ પ્રકારનું વિનય તપ છે. તેમાં પ્રથમ દર્શનવિયન તપની વ્યાખ્યા કરે છે. (૧) શંકાદિક અતિચાર રહિત પરિણામ થાય છે તે દર્શનવિનય છે.

સમ્યગ્દર્શનનો વિનય એટલે શું ? તે કહે છે. આત્મા જ્ઞાનાદિ અનંત ગુણનો ભંડાર છે, પરિપૂર્ણ શુદ્ધ નિર્દોષ છે. એવી શુદ્ધતાનો ભાસ તથા નિર્ણય થવો તે સમ્યગ્દર્શનનો વિનય છે. તે તપ છે, અને તે ચારિત્રની શુદ્ધિ છે. જ્ઞાનનું પ્રગટપણું જે દેખાય છે, તે આત્મા જ્ઞાનશક્તિનો ભંડાર છે. તેનો અંશ છે. એવો નિર્ણય થવો તે સમ્યગ્દર્શન વિનય એટલે કે આત્માનો વિનય છે.

આ વિનય તપની વાત છે. ખરેખર તો કોઈ પરનો વિનય કરતું જ નથી. જેને જે ગમે છે, તેનાં તે ગાણા ગાય છે. પૈસાવાળાના ગાણા ગવાય છે. તે ખરેખર પૈસો ગોઠયો છે, એના ગાણા ગવાય છે. ત્યાગીઓ પૈસાવાળાનાં ગાણા ગાતાં નથી. પણ ધર્માત્મા ત્યાગીઓના ગાણા ગાય છે. એટલે કે આત્માની રુચિવાળો આત્માની સાધના કરી રહ્યો છે તે એને ગોઠે છે તેથી એનાં ગાણાં ગાય છે માટે ખરેખર તો કોઈ પરનો વિનય કરતું નથી.

પરથી લાભ થાય એવી માન્યતા થવા ન દેવી, તે દર્શન વિનય છે. પૈસા કોઈને પણ શરણરૂપ નથી. આત્મલક્ષ્મીથી ભરેલો એવો આત્મા જ પોતાને પોતે શરણભૂત છે. એમાં શંકા થવા ન દેવી. એનું નામ સાચો વિનયતપ છે. બહારનાં તપસ્યા કાંઈ આત્માને શરણભૂત નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો તેવો વ્યવહાર છે એવી વાત આ સમ્યગ્દર્શન વિનયમાં કરી નથી. કેમકે તે તો રાગ છે. માટે તેને ગૌણ કરેલ છે. અહીં તો નિશ્ચયતપની વ્યાખ્યા છે.

(૨) જ્ઞાનનો સંશયાદિ રહિત પરિણામે અષ્ટાંગ અભ્યાસ કરવો તે જ્ઞાનવિનય છે.

આત્માનો જ્ઞાન સ્વભાવ છે. એમાં સંશય થવા દેવો નહિ. આત્મા જ્ઞાન છે કે રાગ છે. એવો સંશય થવા દેવો નહિ. શાસ્ત્રાભ્યાસ કાળે જે શાસ્ત્રના નિમિત્તે જ્ઞાન થયું હોય તેનો વિનય કરવો. જે ગુરુ નિમિત્તે જ્ઞાન થયું હોય તેનો વિનય કરવો એમ આઠ પ્રકારથી જ્ઞાનનો વિનય કરવો તે જ્ઞાન વિનય છે. ગુરુના ચોર થવું નહિ એટલે કે જે ગુરુના નિમિત્તે જ્ઞાન થયું હોય તેની પ્રસંશા વિનયાદિ કરવા તેમનું બહુમાન જગતમાં જાહેર કરવું તે વિનયતપ છે. અને પોતાના સ્વરૂપનો આદર કરવો તે જ્ઞાનવિનય છે. જ્ઞાનસ્વરૂપ પોતાને સમજે તો તેનો આદર કરે પણ આત્માને ઓળખે જ નહિ તો વિનય કોનો કરે? માટે પ્રથમ યથાર્થ ઓળખાણ કરવી જોઈએ. રાજા જંગલમાં...વાઘરીના વેષે ફરતો હોય તો એને કોઈ ઓળખે નહિ તો વિનય પણ ન કરે એમ આત્મા ચિદાનંદ રાજા છે, તે રાગ-દ્વેષનો વેષ પહેરી એટલો જ પોતાને માને તો એનો સાચો વિનય થાય નહિ પણ જેવું સ્વરૂપ છે તેવું જ જાણે ને તેમાં એકાગ્ર થાય તો સાચો વિનય થાય.

(૩) અતિચાર રહિત અહિંસાદિ પરિણામપૂર્વક ચારિત્રનું પાલન કરવું તે ચારિત્ર વિનય છે. આત્મામાં રાગની ઉત્પત્તિ ન થવા દેવી તે અહિંસારૂપ ચારિત્ર છે. વીતરાગભાવરૂપ શાંતિ થવી તે ચારિત્ર વિનય છે, અહિંસાચારિત્રનું આવું સ્વરૂપ છે. પરની હિંસા કે અહિંસા આત્મા કરી શકતો નથી. આત્માના સ્વરૂપને ભૂલીને

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૬ ]

# વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પુરાણ પ્રસંગ

## [ સુદર્શન શેઠની કથા ]

અંગદેશમાં ચંપાનગરીનો રાજા ગજવાહન હતો. તે અત્યંત સુંદર તથા બહાદુર હતો. તેણે પોતાના સમસ્ત શત્રુઓને હરાવીને પોતાનું રાજ્ય નિષ્કંટક બનાવી લીધું હતું. ગજવાહનની રાજધાનીમાં એક વૃષભદત્ત નામનો શેઠ રહેતો હતો. તેની અર્હદાસી નામની સ્ત્રી હતી. તે શીલવતી હતી. શેઠને તેની સ્ત્રી પર ખૂબ જ પ્રેમ હતો. આ રીતે બંનેનું દામ્પત્યજીવન આનંદથી પસાર થતું હતું.

શેઠને ત્યાં એક ગોવાળીઓ નોકર હતો. એક દિવસ એક ઘટના બની, જેથી ગોવાળના જીવનમાં મહાન પરિવર્તન આવી ગયું. એવું બન્યું કે ગોવાળ જંગલથી પોતાના ઘરે આવી રહ્યો હતો. રસ્તામાં એક મુનિરાજ શિલા ઉપર ધ્યાનમાં બેઠા જોયા. દિવસ અસ્ત થવાનો સમય થઈ રહ્યો હતો. ઠંડીના દિવસો હતા. ગોવાળે મનમાં વિચાર્યું કે ઠંડીના દિવસોમાં આ શિલા ઉપર એક પણ કપડા વિના મુનિરાજ રાત કેવી રીતે પસાર કરશે? દયા-ભાવથી પ્રેરાઈને તે પોતાના ઘરે ગયો અને પોતાની સ્ત્રીને મુનિરાજની બધી વાત કરી. ત્યારબાદ ગોવાળ મુનિરાજ પાસે ગયો. તેણે જોયું કે મુનિરાજનું આખું શરીર ઝાકળથી ભીનું થઈ ગયું હતું. પરંતુ મુનિરાજ તે જ શિલા ઉપર અંતરલીન થઈને ધ્યાનમાં બેઠા હતા. તે ગોવાળે ભક્તિભાવથી પ્રેરાઈને ઝાકળથી ભીંજાયેલું તેમનું શરીર કપડાથી સાફ કર્યું. એ રીતે ગોવાળે આખી રાત મુનિરાજની સેવામાં વિતાવી. પ્રભાત થતાં જ મુનિરાજ ધ્યાનમાંથી બહાર આવ્યા. મુનિરાજે ગોવાળને ભક્તિભાવથી સેવામાં રત જોઈને પવિત્ર પાંચ નમસ્કારમંત્ર આપ્યા જેને મેળવીને મનુષ્ય સ્વર્ગ-મોક્ષના સર્વ દુર્લભ રત્ન પ્રાપ્ત કરે છે. મુનિરાજ પણ મંત્રોચ્ચાર કરતા આકાશમાં વિહાર કરી ગયા.

### [ ગોવાળનું શું થયું ! ]

અહીં ગોવાળ પંચનમસ્કારમંત્રનું રટણ કરે છે, સૂતાં-જાગતાં, ઉઠતાં-બેસતાં નમસ્કારમંત્રનું જાપ કરવા લાગ્યો. કોઈ પણ કાર્ય આરંભ કરતાં પહેલાં તે પવિત્રમંત્રની આરાધના કરતો. આ રીતે ઉપરોક્ત મંત્રો એના રોમરોમમાં વણાઈ ગયા હતા. એક દિવસ શેઠ વૃષભદત્તે ગોવાળને મંત્ર બોલતાં સાંભળી લીધો. શેઠ મંત્ર પ્રાપ્તિના વિષયમાં ગોવાળને પૂછવા લાગ્યા. ગોવાળે મુનિરાજ પાસેથી મંત્ર મેળવ્યાની

બધી વાત કહી. વૃષભદત્ત પ્રસન્ન થઈને કહ્યું કે તારું જીવન ધન્ય છે. તારા અહોભાગ્ય કે તને મુનિરાજના દર્શન થયા! કે જેમની પૂજા ત્રિભુવનભરમાં થાય છે.

[ ગોવાળ શેઠનો પુત્ર થયો ]

એક દિવસ એક ઘટના બની. તે ગોવાળની ગાયો નદી પાર કરવા લાગી. ગોવાળ પણ પંચ નમસ્કારનું સ્મરણ કરી નદીમાં કૂદી પડયો. વરસાદના કારણે નદી ભરપૂર ભરેલી હતી. દુર્ભાગ્ય કહો કે સંયોગ તે નદીમાં કૂદતા જ એક અણીદાર લાકડી ગોવાળના પેટમાં ઘૂસી ગઈ અને એનું પેટ ફાટી ગયું અને તે મરણ પામ્યો. પવિત્ર મંત્રના પ્રભાવથી તે સ્વર્ગ જાત પરંતુ તેણે પોતાના મનમાં શેઠ વૃષભદત્તના પુત્ર થવાની ઇચ્છા કરી હતી. ફળસ્વરૂપ તે ગોવાળ મરીને વૃષભદત્તનો પુત્ર થયો. શેઠે તેનું નામ સુદર્શન રાખ્યું. સુદર્શનનો જન્મ થતાં જ શેઠ વૃષભદત્તની ખુબ જ ઉન્નતિ થઈ. તેની આબરૂ ધન વૈભવ તથા સંપત્તિમાં ઘણી વૃદ્ધિ થઈ.

[ સુદર્શનનો વિવાહ ]

થોડા સમયબાદ સુદર્શન યુવાન થવા લાગ્યો. તે જ નગરીમાં સાગરદત્ત શેઠ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ સાગરસેના હતું, તેને મનોરમા નામની સુંદર પુત્રી હતી. તેની સાથે સુદર્શનનો વિવાહ થયો. હવે સુદર્શને ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કર્યો. યુગલ જોડી આનંદથી જીવન વીતાવવા લાગી.

[ રાણીનો દુરાચા

એક દિવસ શેઠ વૃષભદત્ત સમાધિગુપ્ત મહામુનિના દર્શન માટે ગયા. તેઓ મુનિરાજના ધર્મોપદેશથી એટલા પ્રભાવિત થયા કે સમસ્ત ધન-વૈભવ સુખ છોડી દીક્ષા લઈ તપસ્વી થઈ ગયા. હવે સુદર્શન ઉપર ઘર પરિવાર ગૃહસ્થીનો સઘળો ભાર આવી પડયો. સુદર્શનની પ્રસિદ્ધિ થવા લાગી. રાજ-દરબાર, સર્વ સાધારણ બધા તેને ખૂબ ચાહવા લાગ્યા. સુદર્શન પણ સાંસારિકકાર્ય કુશળતાથી કરતો. સાથે સાથે જિન ભગવાનની ભક્તિમાં પોતાનો અધિક સમય વીતાવવા લાગ્યો. ત્યારથી તેની ગણના ધાર્મિક પુરુષોમાં થવા લાગી. બધા તેના સદાચાર શ્રાવકવ્રત-વિધાન તથા દાન-પુણ્ય-કર્મથી પ્રસંશા કરવા લાગ્યા. તે પણ બ્રહ્મચર્યવ્રત ધારણ કરી સદાચાર પૂર્ણ જીવન વ્યતીત કરતો હતો. એવી રીતે રાજદરબારમાં તેની પ્રશંસા થવા લાગી. મગધાધિપતિ તેને ખૂબ માનતા. એક દિવસ મહારાજ, સુદર્શન સાથે બગીચામાં ફરી રહ્યા હતા. મહારાજ ગજવાહનની સ્ત્રી પણ સાથે હતી. શેઠ સુદર્શનનું રૂપ સૌંદર્ય જોઈને રાણી તેના પર મોહિત થઈ ગઈ. તેણે પોતાની દાસી પાસે શેઠ સુદર્શનની પૂછપરછ કરી. દાસીએ હાથ

જોડીને કહ્યું. "મહારાણી! તે તમારી નગરીના પ્રધાન શેઠનો પુત્ર છે. તેનું નામ સુદર્શન છે." રાણીએ કહ્યું કે એ તો ખૂબ આનંદની વાત છે કે સુદર્શન રાજ્યરત્ન છે. પરંતુ તેનું સૌંદર્ય અપૂર્વ છે. મેં આજ સુધી આવો સુંદર પુરુષ જોયો નથી. તેને જોતાં જ મારું મન આકર્ષિત થઈ ગયું છે. મને ભ્રમ છે કે સ્વર્ગનો દેવ પણ આટલો સુંદર હશે કે કેમ? અચ્છા! તું તો કહે કે શેઠ કેવા લાગે છે? શું તેં આના જેવો બીજો કોઈ સુંદર પુરુષ જોયો છે? દાસીએ કહ્યું કે મહારાણીજી! તમારું અનુમાન સાચું છે. પૃથ્વી પર તો શું ત્રિભુવનભરમાં આના જેવો સુંદર યુવાન નથી મળવાનો. આ સાચે જ સુંદર પુરુષોનો સિરતાજ છે. રાણીએ દાસીને પોતાની અનુકૂળ જાણીને કહ્યું કે તું મારું એક કામ કરી શકીશ? સાચું માન, હું તને મારી અંતરંગ દાસી સમજીને કહું છું, કોઈ પાસે પ્રગટ ન થઈ જાય. દાસીએ કહ્યું કે હું તો તમારી દાસી છું. શું આજ્ઞા છે કહો! હું કાર્ય પૂર્ણ કરવા તૈયાર છું. રાણીએ કહ્યું તું કહે કે હું કાર્ય કરી શકીશ. દાસીએ ચોંકીને કહ્યું કે મહારાણીજી! મારા પર વિશ્વાસ રાખો. મારાથી જ્યાં સુધી બનશે હું આજ્ઞાપાલન કરીશ. ત્યારે રાણી પોતાની ભાવિ આશા પર ફૂલી ન સમાઈ. તે ભવિષ્યની સુંદર કલ્પના કરવા લાગી. એટલામાં રાણી વ્યથતા પ્રગટ કરવા લાગી કે હું તે નવયુવાન પર તન-મનથી મોહિત છું. જયારથી મેં તેને જોયો છે ત્યારથી મારી નજરોમાં સમાઈ ગયો છે. મારું હૃદય તેના પર ન્યોછાવર થઈ રહ્યું છે. બસ, તું એવો પ્રયત્ન કર કે આ સુંદર શેઠ મારી પાસે આવે, નહીંતો મારું જીવન અસંભવ છે, નકામું છે. જોજે આ ગુપ્ત વાત તારા સિવાય બીજું કોઈ ન જાણે; નહીં તો...? કહીને રાણી ચૂપ થઈ ગઈ. દાસી ફૂલીને ફૂગ્ગો થઈ ગઈ. તેણે વિચાર કર્યો કે મારું ભાગ્ય પણ ચમકી જશે. હું માલામાલ થઈ જઈશ. કામથી પીડિત રાણી મારી ચંગુલમાં ફસાઈ ગઈ છે. રાણીને કહે છે કે તમે આટલી નાની વાતમાં શા માટે પરેશાન થાઓ છો? વાત વાતમાં હું તમારા દિલના અરમાનો પૂરા કરી દઈશ. સંસારમાં એવી કઈ ચીજ છે કે જે તમને ના મળી શકે! તમે વિશ્વાસ રાખો, ગભરાઓ નહિ. તમારા મનની મુરાદ અવશ્ય પૂર્ણ થશે અને જલ્દી થશે.

### [ તપસ્વી સુદર્શન ]

આ તરફ શેઠ સુદર્શને શ્રાવકવ્રત ધારણ કર્યા હતા. તે સંસારમાં રહેવા છતાં તેનાથી મુક્ત થવા ઇચ્છતા હતા જેથી તે કયારેક ધ્યાનમાં લીન થઈ જતા હતા. તેઓ અષ્ટમી તથા ચૌદશના સ્મશાનભૂમિમાં જતા હતા. રાત્રિનાં સમયે તે સ્મશાનમાં જતા અને ધ્યાનમગ્ન થઈ જતા. અહીં રાણીની દાસી તો સુદર્શનને એકાંતમા મળવાનો મોકો શોતી રહી હતી. મોકો મળી ગયો. સૌથી પહેલા ચોકીદારો પર રૂઆબ બતાવવા એક ષડયંત્ર રચ્યું. તેણે કુંભાર પાસેથી મનુષ્યના આકારની એક માટીની મૂર્તિ

બનાવરાવી. એક દિવસ એક ઘટના બની કે તે મૂર્તિ મહેલમાં લઈ જવા લાગી. ચોકીદારોએ એને અંદર જવા ન દીધી. દાસીએ ગુસ્સામાં આવીને મૂર્તિ નીચે ફેંકી જેથી માટીની મૂર્તિ તૂટી ગઈ. હવે દાસીએ ક્રોધ કરીને સખત શબ્દોમાં કહ્યું કે દુષ્ટો! તમને નથી ખબર કે મહારાણીએ નરવ્રત ધારણ કર્યું છે. જેમાં નર સમાન માટીના પૂતળાની આવશ્યકતા હોય છે, હું લઈ જતી હતી ને તમે લોકોએ મૂર્તિ તોડી નાખી. હવે મહારાણીનું વ્રત કેવી રીતે પૂરું થશે? રાણી ભોજન વિના રહેશે. હું જઈને હમણા તમારા બધાની ફરિયાદ કરું છું. તમને દંડિત કરાવીને તમારા દુષ્કર્મોનો બદલો લઉં છું. ચોકીદાર ભયભીત થઈ ગયા. તેઓ દાસી પાસે ક્ષમા માગવા લાગ્યા કે તમે મહારાણીને કહીને દંડ ન અપાવો. દાસીએ કહ્યું કે અચ્છા! આ વખતે તો તમને ક્ષમા કરું છું. તમે અપરાધ તો ઘણો મોટો કર્યો છે, પરંતુ તમારી હાલત જોઈને મને દયા આવે છે. હવે ફરીવાર આવી ભૂલ ન કરશો. મને કોઈ ચીજ અથવા મહારાણીના નરવ્રતની પૂર્તિ માટે કોઈ મનુષ્યની જરૂર પડે અને તમે લોકોએ વિઘ્ન નાખ્યું તો શું થશે ખબર છે? ચોકીદારોએ હાથ જોડીને કહ્યું કે આ વખતે ક્ષમા કરો. બીજી વાર તમારા કામમાં માથું નહિ મારીએ. તું આવવા જવા માટે સ્વતંત્ર છો. દાસીએ ગુસ્સો કરીને કહ્યું કે આ વખતે તો માફ કરી દઉં છું. હવેથી ધ્યાન રાખજો, આવી ભૂલ કરીને અમારા કામમાં વિઘ્ન ન નાખતાં. હું રાણીનું વ્રત પૂરું કરવા માટે માટીનું પૂતળું લેવા જાઉં છું. અથવા જેવી આવશ્યકતા હશે તેમ કરીશ. એમ કહીને દાસી સ્મશાને પહોંચી ગઈ. ત્યાં જઈને તેણે જોયું કે તપસ્વી સુદર્શન ધ્યાનમાં મગ્ન છે. સ્મશાનની ભૂમિ ભયંકર હોય છે. એ જ ભયંકર સ્થાનમાં તપસ્વી સુદર્શન કાયોત્સર્ગમાં લીન હતા. બસ, દાસીને સારો સુયોગ મળ્યો. તે ફૂલી ન સમાણી. તે જ સમયે તેણે તપસ્વી સુદર્શનને ઉપાડી રાણીના મહેલમાં પહોંચાડી દીધા. * [ક્રમશઃ

[ વૈરાગ્યજનની બારભાવના પાનું ૨૨નું ચાલુ ]

પરની હિંસાનો પાપ ભાવ કે પરની અહિંસાનો શુભરાગ થાય તે સ્વઆત્માની હિંસા છે. જ્ઞાતાનો નિર્ણય કરી આત્મામાં લીન થવું તે અહિંસા છે. આત્મા પૂર્ણ સત્ સ્વરૂપ છે તેનો આદર કરવો તે સત્ય છે. રાગથી લાભ માનવો તે ચોરી છે. મારાથી મને લાભ નુકશાન છે, પરના કારણે નથી એમ માનવું તે અચૌર્ય છે. રાગાદિ તે મારું ખરું સ્વરૂપ નથી એમ સમજી બ્રહ્મનામ આત્મામાં વિચરવું તે બ્રહ્મચર્ય અને રાગાદિ પરિગ્રહમાંથી રહિત થવું તે અપરિગ્રહ છે. અજ્ઞાનીની અહિંસાદિની વ્યાખ્યામાં અને આ વ્યાખ્યામાં ફેર છે. (૪) આ પ્રમાણે તપોના ભેદોને નિરખી-દેખી નિર્દોષ તપનું પાલન કરવું તે તપ વિનય છે. આત્માના સ્વભાવને ઓળખીને ઇચ્છા વિનાની નિર્દોષ દશા પ્રગટ કરવી તે તપ વિનય છે. આ નિશ્ચય વિનયની વાત કરી. હવે પાંચમા ઉપચારવિનયની એટલે વ્યવહાર વિનયની વાત કરશે. [ ક્રમશઃ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા
સવારે ૮-૪૫ થી ૯-૪૫ : શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન
બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : 'શ્રી નિયમસાર' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન
બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ
બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

* જિનમંદિર અષ્ટાહ્નિકા ઉત્સવ :—

વિ. સં. ૧૯૯૭માં શ્રી નાનાલાલભાઈ જસાણી આદિ બંધુત્રય દ્વારા નિર્મિત તેમ જ પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામી દિ૦ જિનમંદિરના ૫૭માં વાર્ષિક પ્રતિષ્ઠાદિન નિમિત્તે મહા વદ ૯, સોમવાર, તા. ૩-૩-૯૭ થી ફાગણ સુદ ૨, સોમવાર, તા. ૧૦-૩-૯૭ —આઠ દિવસીય ઉત્સવ "શ્રી સીમંધરાદિ-વિંશતિ-વિહરમાન જિનમંડલવિધાનપૂજા", જિનેન્દ્રભક્તિ, અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

* પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો વાર્ષિક-ઉત્સવ :—

સુવર્ણપુરીના અતિ મનોહર પંચમેરુ-નંદીશ્વર જિનાલયની પ્રતિષ્ઠાનો ૧૨મો વાર્ષિક દિન ફાગણ સુદ ૩, મંગળવાર, તા. ૧૧-૩-૯૭ થી ફાગણ સુદ ૭, શનિવાર, તા. ૧૫-૩-૯૭—પાંચ દિવસ સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર-જિનભક્તિ તેમ જ તત્ત્વજ્ઞાનોપાસના આદિ વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

* નંદીશ્વર-અષ્ટાહ્નિકા-પર્વ :—

ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા તા. ૧૬-૩-૯૭ થી તા. ૨૪-૩-૯૭ સુધી

૯ દિવસ પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં શ્રી પંચમેરુ-નંદીશ્વરવિધાનપૂજા તેમ જ નંદીશ્વર-ભક્તિ આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

* પરમાગમમંદિર-પ્રતિષ્ઠાતિથિ :—

ફાગણ સુદ ૧૩, શુક્રવાર, તા. ૨૧–૩–૯૭ના રોજ શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરની ૨૩મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

[ 'વસઈ'ના પંચકલ્યાણક-પ્રતિષ્ઠાના વિશેષ સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે. ]

## વૈરાગ્ય સમાચાર :—

* ગોંડલનિવાસી શ્રી શાંતાબેન તારાચંદ પારેખ તા. ૧૧–૧૧–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી હેમલતાબેન મનહરલાલ મહેતા (વર્ષ–૭૭) (—તે દોશી બ્રધર્સવાળા શ્રી મહેન્દ્રભાઈ દોશીના માસી) તા. ૪–૧–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઘુઘરાળાનિવાસી, (હાલ—અટકોલા, મહારાષ્ટ્ર) શ્રી લીલાવતીબેન બાબુલાલ સંઘવી (વર્ષ–૭૩) તા. ૪–૧–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ફતેપુરનિવાસી પં. શ્રી બાબુભાઈ મહેતાના માતુશ્રી સમરતબેન ચુનીલાલ મહેતા (વર્ષ–૯૧) તા. ૧૪–૧–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી બિપીનભાઈ મનસુખલાલ જોબાળિયા (વર્ષ–૫૮) તા. ૨૬–૧–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વજિજ્ઞાસા ઘણી હતી.

* સોનગઢનિવાસી શ્રી ગુલાબચંદભાઈ ભગવાનજી હેમાણી (વર્ષ–૯૦) માગશર વદ–૪ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહીને ઘણો લાભ લીધો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. —※—

## ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર ❀

* પ્રથમ તો સાચા ગુરુ કોને કહેવાય ? કે જેના ઉપદેશમાં એમ આવે કે હે જીવ ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ ભલે હો, પણ તે વિકારી પરિણામ તું નથી, એ પરિણામ તું નથી ને તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા–ભોક્તા પણ તું નથી. તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયકભાવ છો, તેની દૃષ્ટિ કર, તેની દૃષ્ટિ કરવાથી મુક્તિ પ્રાપ્ત થશે, અન્ય કોઈ પણ પ્રકારે મુક્તિ થશે જ નહીં. આવો ઉપદેશ જેની દેશનામાં આવે તે સાચા ગુરુ કહેવાય. ૫૨.

* જેમ દીવો ઘટપટને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક છે તે ઘટપટાદિરૂપ થયો નથી પણ દીવારૂપ છે. દીવો સ્વને પ્રકાશવામાં પણ દીવો છે ને પરને પ્રકાશવામાં પણ તે દીવો છે. તેમ જ્ઞાયકભાવ રાગને ને પરને પ્રકાશવાના કાળે જ્ઞાયક જ છે ને પોતાને પ્રકાશવાના કાળે પણ જ્ઞાયક જ છે. ચૈતન્યસ્વભાવનું જ્ઞાન થયું છે એવા સમકિતીને રાગનું જ્ઞાન થયું તે રાગનું જ્ઞાન નથી પણ જ્ઞાનનું જ્ઞાન છે, તેથી રાગ કર્તા ને જ્ઞાન કાર્ય છે તેમ નથી. સ્વ અને પરને પ્રકાશવાના કાળે જ્ઞાયક તો જ્ઞાયક જ છે. એવા જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્માને હે શિષ્ય ! તું જાણ. ૫૩.

* હે યોગી ! દેહમાં પરમાત્મા વસતાં હોવા છતાં એ દેહમાં વસેલાં પરમાત્માને તું કેમ દેખતો નથી ? એ પરમાત્માને દેખવાથી તારા પૂર્વ-ઉપાર્જિત કર્મના ચૂરા થઈ જશે અને તું નિર્વાણને પામીશ. મોટા પુરુષ મળવા આવ્યા હોય અને સાધારણ બાળક આદિ સાથે વાતો કરવામાં રોકાઈ જા તો તે મોટા પુરુષનું અપમાન છે. તેમ ત્રણલોકનું ઉત્કૃષ્ટ તત્ત્વ એવા નિજ પરમાત્મા દેહમાં વસતાં હોવા છતાં તેને તું દેખતો નથી અને પર-પ્રપંચને જાણવામાં રોકાઈને નિજ પરમાત્માનું અપમાન કરી રહ્યો છો. ૫૪.

* નિર્મળ પરિણામ હો કે મલિન પરિણામ હો તેના સ્વકાળે જ તે થાય છે, તે પરિણામનો તે જન્મક્ષણ છે. ખરેખર જે કાંઈ થાય છે તેનો તું જાણનાર છો, આમ કેમ થાય છે એ પ્રશ્ન જ નથી. જે કાળે જે પરિણામ થાય તેનો જાણનાર રહે. અહા પ્રભુ ! તારી ગંભીરતાનો પાર નથી, દ્રવ્યસ્વભાવ– ગુણસ્વભાવ– પર્યાયસ્વભાવ–મહાગંભીરસ્વભાવ છે. ૫૫.

## ❋ મહિમા લાવ ! ❋

❋ જુઓ, આ ઈષ્ટ ઉપદેશ ! પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા થઈને અનુભવ કરી શકે એવી શક્તિનું સત્ત્વ છે. જ્ઞેય થવા માટે કે જ્ઞાતા થવા માટે બીજાની જરૂર પડે એવું પરાધીન વસ્તુનું સ્વરૂપ જ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા જોયો–જાણ્યો તેવો જ કહ્યો છે. ભગવાન આ હરખજમણ જમાડે છે ભાઈ ! તું હરખ લાવીને તારા સ્વભાવનો વિશ્વાસ કરી જ્ઞાનનો દોર તેમાં બાંધ. પરમાં ક્યાંય હરખ લાવવા જેવું નથી. પોતે પોતાનું સ્વરૂપ સમજી, મહિમા લાવી, તેમાં ઠરી જવા જેવું છે.

— સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી. દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without Prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ]

…રિન્ચાભ પી. દેસાઈ પ્રોફેસર
…, બી. એડ. કોલેજ,
વાયા–સોનગઢ સણોસરા–૩… (સૌ)